**આજનો સુવિચાર**

જો આપણે વાસ્તવીક અર્થમાં શ્રેષ્ઠ બનવા ઈચ્છતા હોઈએ તો મન, વચન, કર્મ, ઈન્દ્રીયમાં શુધ્ધતા અને હ્રદયમાં કરૂણા હોવી જોઈએ

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૩૭ જૂનાગઢ તા. ૧૭-૦૯-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


### આજે વડાપ્રધાન મોદીએ ૭૨માં જન્મ દિવસે ચિત્તાનાં સ્વરૂપમાં દેશને રીટર્ન ગીફ્ટ આપી : રાષ્ટ્રજોગ સંબોધન કર્યુ

# ૭૪ વર્ષ બાદ દેશમાં ચિત્તાનું આગમન : આપણી વિરાસત ઉપર ગર્વ હોવો જોઈએ : વડાપ્રધાન


કુનો નેશનલ પાર્ક (મધ્યપ્રદેશ) તા. ૧૭

વડપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે ૭૨મો જન્મ દિવસ છે. પોતાના જન્મદિવસ નીમિતે વડાપ્રધાને આજે દેશને રીટર્ન ગીફ્ટ આપતા હોય તેમ મધ્યપ્રદેશનાં કુનો નેશનલ પાર્ક ખાતે આફ્રિકાનાં નામિબીયામાંથી લાવવામાં આવેલા ૩ ચિત્તાઓને મુક્ત કર્યા હતા. આ નિમિતે યોજાયેલા ભવ્ય કાર્યક્રમ બાદ વડાપ્રધાને દેશવાસીઓને સંબોધન કર્યુ હતું જેમાં તેમણે જણાવ્યું હતું કે, આજે ભારતની ધરતી પર ચિત્તાનું પુર્નઃ આગમન થયું છે. ભૂતકાળ સોનેરી ભવિષ્યની તક આપે છે, આપણને આપણી વિરાસત ઉપર ગર્વ હોવો જોઈએ તેમ જણાવતા વડાપ્રધાને કહયું કે, દેશ ગુલામીનાં પ્રતિકોમાંથી બહાર આવી રહયો છે, ચિત્તા આપણને માનવીય મુલ્યોથી અવગત કરાવશે. મૂળથી દૂર થવા પર ઘણું બધું ખોઈ બેસવાનો ડર રહે છે, ચિત્તા બાબતે તેમણે વધુમાં કહયું કે, ચિત્તાને આપણા દેશનાં વાતાવરણમાં અનુકુળ થવા માટે થોડો સમય લાગશે. ચિત્તા દોડશે તો સીસ્ટમ પણ જાગૃત થશે, કુનો નેશનલ પાર્કમાં ચિત્તા બાબતે ખૂબજ રીસર્ચ કરવામાં આવ્યું છે. આપણે આપણા પ્રયાસોને નિષ્ફળ થવા દેવાના નથી તેમ વડાપ્રધાને જણાવ્યું હતું.

## દેશ ગુલામીનાં પ્રતિકોમાંથી બહાર આવી રહયો છે : ભૂતકાળ સોનેરી ભવિષ્યની તક આપે છે - મોદી

ભારતની ધરતી ઉપર સાત દાયકા બાદ વન્ય પ્રાણી ચિતાની ત્રાડ શરુ થઈ છે. નામીબિયાથી મેળવાયેલા આઠ ચિતા સાથેનું ખાસ વિમાન આવી પહોંચ્યું હતું અને વડાપ્રધાનના હસ્તે વન્ય પ્રાણીઓને કુનો નેશનલ પાર્કમાં છૂટા મુકવામાં આવ્યા હતા.

ભારતમાંથી ૧૯૪૭માં ચિતાનું અસ્તિત્વ ભુસાઈ ગયું હતું અને ત્યારથી એક પણ ચિતા દેશમાં ન હતા. ભારતની મોદી સરકારે ખાસ પહેલ કરીને ૮ ચિતા નામીબિયાથી મેળવ્યા હતા અને આઠ ચિતા સાથેનું ખાસ વિમાન આજે સવારે આવી પહોંચ્યું હતું. ૨૪ લોકોની ટીમ સાથેના આ પ્લેને ગ્વાલિયર એરબેઝ ઉપર ઉતરાણ કર્યુ હતું. ખાસ હેલિકોપ્ટર મારફત આ ચિતાઓને કુનો નેશનલ પાર્ક મોકલવામાં આવ્યા હતા. કુનો નેશનલ પાર્ક ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા અને પાંજરામાંથી ચિતાઓને મુક્ત કરી ક્વોરન્ટાઈન એન્કલોઝરમાં છોડયા હતા. વડાપ્રધાન મોદીએ અર્ધો કલાકના રોકાણ દરમ્યાન ચિતા મિત્ર ટીમના સભ્યો સાથે પણ વાતચીત કરી હતી. આ ઉપરાંત શાળાના બાળકોને બોલાવવામાં આવ્યા હતા. આજે વડાપ્રધાનનો જન્મદિવસ છે અને તે શાળાના બાળકો સાથે ઉજવ્યો હતો.

નામીબિયાથી ચિતાને ભારત લાવવાનો આ વિશ્વનો પ્રથમ સ્થળાંતર પ્રોજેક્ટ છે. મોટા માંસાહારી વન્ય જીવને પ્રથમ વખત શિફ્ટ કરવામાં આવ્યા છે. ચિતાને ભારત મોકલવા ભારત અને નામીબિયા વચ્ચે ગત ૨૦ જુલાઈ ૨૦૨૨ના રોજ કરાર થયો હતો. નામીબિયાથી ભારત લવાયેલા આઠ ચિતામાં બે સગા ભાઈઓ પણ છે અને તેમની ઉમર અઢી થી સાડા પાંચ વર્ષની છે. ચિતાનું સરેરાશ જીવનકાળ સામાન્ય રીતે ૧૨ વર્ષ હોય છે. ચિતાઓને સુરક્ષિત રીતે ભારત પહોંચાડવામાં નામીબિયાથી વેટરનરી ડોકટર અન્ના બસ્ટો સહિતની ૨૪ સભ્યોની ટીમ પણ આવી છે.

## ગૌતમ અદાણીની સંપતિ ઘટી : થોડા કલાકોમાં જ વિશ્વનાં બીજા ધનિક વ્યકિતનો તાજ છિનવાયો

નવી દિલ્હી, તા.૧૭ઃ શુક્રવાર એશિયાના સૌથી ધનિક અબજોપતિ ગૌતમ અદાણી માટે ઉતાર-ચઢાવનો દિવસ હતો. સવારે ફોર્બ્સના રિયલ ટાઈમ બિલિયોનેર ઈન્ડેક્સમાં ગૌતમ અદાણી વિશ્વના બીજા સૌથી અમીર અબજોપતિ બન્યા. અદાણી ગ્રુપના વડા માટે આ એક ઐતિહાસિક ક્ષણ હતી. જોકે, થોડા કલાકોમાં જ અદાણીની રેન્કીંગમાં ઘટાડો થયો હતો.

હવે ફોર્બ્સના રિયલ ટાઈમ બિલિયોનેર ઈન્ડેક્સના લેટેસ્ટ અપડેટમાં ફરી એકવાર ગૌતમ અદાણી વિશ્વના ત્રીજા સૌથી અમીર અબજોપતિ છે. જોકે, બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં ગૌતમ અદાણીનું રેન્કીંગ ત્રીજા સ્થાને સ્થિર રહ્યું છે. ફોર્બ્સ અને બ્લૂમબર્ગ બંને પાસે સંપત્તિના મૂલ્યાંકનના અલગ-અલગ સ્કેલ છે.

ફોર્બ્સના રિયલ ટાઈમ બિલિયોનેર ઈન્ડેક્સ મુજબ, બપોરે અદાણીની સંપત્તિમાં .૫.૫ બિલિયનનો વધારો થયો હતો. તેના કારણે અદાણીની નેટવર્થ ૧૫૫.૭ બિલિયન સુધી પહોંચી અને તે રેન્કીંગમાં બીજા સ્થાને પહોંચી ગયો. હવે સાંજના અપડેટમાં, અદાણીની સંપત્તિમાં $૨.૨ બિલિયનનો ઘટાડો થયો છે. હવે ગૌતમ અદાણીની કુલ સંપત્તિ $૧૫૨.૨ બિલિયન છે. આ રીતે તે બર્નાર્ડ આર્નોલ્ટની પાછળ છે. ઈન્ડેક્સમાં બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ $૧૫૩.૫ બિલિયન છે.

## વિશ્વનાં ૩૪ કરોડથી વધુ લોકો ભૂખમરા તરફ ધકેલાઈ રહયા છે

યુનો,તા. ૧૭ઃ યુએન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડેવીડ બીસ્લેએ યુનોની સલામતી સમિતિમાં જણાવ્યું હતું કે, વિશ્વના ૮૨ દેશોના કુલ મળી ૩૪ કરોડ ૫૦ લાખ લોકો, અસામાન્ય ખાદ્ય અસલામતી અનુભવી રહ્યા છે. તે દેશોમાં તો આ સંસ્થા કોવિડ-૧૯ કરતાંએ અઢી ગણી કાર્યવાહી કરી રહેલ છે. તેમ છતાંયે આ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. આ પરિસ્થિતિ તો તે મહામારી ૨૦૨૦માં શરૂ થઈ તે પહેલાંથી જ અસ્તિત્વમાં આવી છે.

સૌથી વધુ ખેદજનક વાત તો તે છે કે દુનિયાના૪૫ દેશોમાં ૫૦ કરોડ લોકો તો અસામાન્ય કુપોષણનો ભોગ બન્યા છે અને તેઓ દુષ્કાળ ઓવારે આવી પહોંચ્યા છે. એક સમયે જે ભૂખમરોનું મોજું હતું તે ભૂખનું સુનામી બળી રહ્યું છે. તેમ ડેવીડ બીસ્લેએ જણાવ્યું હતું. આ સાથે તેઓ વધી રહેલા સંઘર્ષ અને મહામારીની તરંગ અસરો ઋતુ પરિવર્તન વધી રહેલા બળતણના ભાવ અને યુક્રેન યુદ્ધ તરફ પણ ધ્યાન દોર્યું હતું. તેમણે કહ્યું હતું કે ફેબ્રુઆરી ૨૪ના દિને રશિયાએ યુક્રેન ઉપર આક્રમણ કર્યું ત્યારથી અન્ન ઊર્જા અને ખાતર કટોકટી ઉભી થતાં ૭ કરોડ લોકો તો ભૂખમરા તરફ ઢસડાયા હતા.

રશિયા સાથે યુનોએ એવા કરારો કર્યા હતા કે તે યુક્રેનનું અનાજ કાળા સમુદ્રના માર્ગે જવા દે પરંતુ જે ૩ બંદરોએથી આ અન્ન નિકાસ કરવાનું હતું. તે ત્રાણ બંદરો જ રશિયાએ અવરોધ્યાં છે. અને રશિયાનાં રાસાયણિક ખાતરો ફરી વિશ્વ-બજારમાં ધકેલવા પ્રયત્નો કરે છે.

## આજે વડાપ્રધાન મોદીનો ૭૨મો જન્મદિવસ : ભરચક્ક કાર્યક્રમો

(દિલ્હી બ્યુરો) નવીદિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૭૨ વર્ષના થઈ ગયા છે. પોતાના જન્મદિવસ નિમિત્તે વડાપ્રધાન ચાર મહત્ત્વના કાર્યક્રમોને સંબોધન કરશે. સૌથી પહેલાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નામીબિયાથી આઠ ચીત્તા ભારત આવવાના પ્રસંગે રાષ્ટ્રને સંબોધિત કર્યા બાદ અન્ય ત્રાણ મહત્ત્વના કાર્યક્રમોમાં પણ સામેલ થવાના છે. આજથી ભાજપ 'સેવા અભિયાન પખવાડિયા'ની શરૂઆત પણ કરશે. તેમજ વિશ્વકર્મા જયંતીના પ્રવેશ નિમિતે આઈટીઆઈના વિદ્યાર્થીઓના પ્રથમ દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરશે. આ કાર્યક્રમમાં અંદાજે ૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ સામેલ થનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પછી સાંજે વડાપ્રધાન નેશનલ લોજિસ્ટિક પોલિસીનો શુભારંભ કરશે.

## મોંઘી સારવાર લેવાનાં કારણે ભારતમાં દર વર્ષે ૬ કરોડ લોકોને ગરીબીનો સામનો કરવો પડે છે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૭

ભારતમાં દર વર્ષે ૬૩ મિલિયન (૬.૩ કરોડ)લોકોને ગરીબીનો સામનો કરવો પડે છે કારણ કે તેમને તેમના સ્વાસ્થ્યનો ખર્ચ જાતે જ ઉઠાવવો પડે છે. પણ આવું કેમ થાય છે જવાબ સરકારની બેદરકારી છે. જે દેશમાં સરકાર સાંસદના સ્વાસ્થ્ય પર ૫૧ હજાર રૂપિયાથી વધુ ખર્ચ કરે છે, તે જ દેશના સામાન્ય નાગરિકના સ્વાસ્થ્ય પરનો ખર્ચ માત્ર ૧૮૦૦ રૂપિયાની નજીક છે. આ આંકડા સરકારના પોતાના રિપોર્ટમાં નોંધાયેલા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા 'નેશનલ હેલ્થ એકાઉન્ટ્સના રિપોર્ટમાં ૨૦૧૮-૧૯માં સ્વાસ્થ્ય ઉપર થયેલા ખર્ચની માહિતી આપવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૮-૧૯માં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સ્વાસ્થ્ય ઉપર કેટલો ખર્ચ કર્યો અને લોકોએ પોતાના ખિસ્સામાંથી કેટલો ખર્ચ કર્યો

### સમાચાર રાઉન્ડ અપ

- કેન્દ્ર સરકાર દ્વારા ટુંકસમયમાં ખાંડની નિકાસ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવશે
- ડાયાબીટીસની દવા હવે સસ્તી કિંમતે ઉપલબ્ધ બનાશે : ૧૦ ગોળીનાં રૂા.૬૦
- દેશમાં સોશિયલ મીડિયાનું માર્કેટ રૂા.૧૨૦૦ કરોડનું : સરકાર કડક નિયમો બનાવી રહી છે : ડીસ્કલેમર સાથે પ્રચાર કરવો ફરજીયાત : રૂા. ૫૦ લાખ સુધીનો દંડ થશે.
- નાની કંપનીઓ માટે પેઈડ-અપ કેપિટલ ટર્નઓવર મર્યાદા વધારાઈ : કંપની એકટનાં અનેક નિયમોમાં છૂટછાટ અપાઈ





| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રસીક પોપટ | હિરેન કારીયા | ભરત સોઢા | મનિષ ચંદારાણા | તેજસ ઉન્નડકટ | પ્રોજેક્ટ ટીમ | મિત ચંદારાણા | હેત પોપટ | પુજન કારીયા |
| સંજય પોપટ | સંજય મશરૂ | શ્યામ રાયચુરા | જયેશ રૂપારેલીયા | | રાજેશ ઠક્કર | વ્રજ ઉન્નડકટ | ઝલક મશરૂ | અંશ વિઠ્ઠલાણી |
| માધવ વિઠ્ઠલાણી | ગોવિંદ ઉન્નડકટ | વિપુલ આડતિયા | મુન્નાભાઈ કોટક | | પાર્થ સોઢા | કેવલ અઢીયા | મોનિક રૂપારેલીયા | પરમ આડતિયા |




**લેવા-વેચવા**

**લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો**

**મયંક એસ્ટેટ બ્રોકર**

**રસિકભાઈ પટેલ**

**મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**

**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા**

**મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮**

**નક્ષત્ર – જ્યોતિષ**

**શું તમારૂ સગપણ થતું નથી ?**
**શું તમારો ધંધો મંદો ચાલે છે ?**
**શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?**
**શું તમો વારંવાર બિમાર પડો છો ?**

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

**ફોન કરીને અવશ્ય આવવું**

**વર્લ્ડ ઈનબોકસ એકેડેમી**

**(સરકારી નોકરી)**

**ફ્રી કરંટ અફેર્સ અને માર્ગદર્શન સેમિનાર**

**જૂનાગઢમાં**

તા. ૧૭-૦૯-૨૦૨૨
સવારે ૧૦ વાગ્યાથી
ઓડીટોરીયમ, મોતીબાગ, જૂનાગઢ

**ગીર સોમનાથ (વેરાવળમાં)**

તા. ૧૮-૦૯-૨૦૨૨ સવારે ૧૧ વાગ્યાથી
કોમ્યુનીટી હોલ, ગંગાનગર,
ડાભોર રોડ, વેરાવળ

:: રજીસ્ટ્રેશન માટે ::
WhatsApp કરવું. 75750 03111


C M Y K

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે અંદાજે ૯ લાખ કર્મચારીઓ અને તેમના પરિવારજનોના વિશાળ હિતમાં મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણયો કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૭

રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ જે રજૂઆતો કરવામાં આવી હતી તે સંદર્ભેમુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અંદાજે ૯ લાખ કર્મચારીઓ અને તેમના પરિવારજનોના વિશાળ હિતમાં નિર્ણયો લેવામાં આવ્યા છે તે મુજબ રાજય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે સાતમાં પગાર પંચના બાકી રહેલા તમામ ભથ્થાઓ તાત્કાલીક અસરથી લાગુ કરવામાં આવશે. પ્રવકતા મંત્રી કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કર્મચારીઓના પ્રશ્નો સકારાત્મક નિરાકરણ સંદર્ભે મંત્રી મંડળના સભ્યોની કમિટીની રચના કરવામાં આવી હતી. નાણામંત્રી કનુભાઈ દેસાઈ, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, ગ્રામ વિકાસ રાજય મંત્રી બ્રિજેશભાઈ મેરજા, ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશભાઈ પંચાલની સમિતિએ કર્મચારી મંડળના હોદેદારો સાથે મેરેથોન બેઠકો યોજીને સુખદ સમાધાન આજે આવ્યું છે. જેના પરિણામે આ મહત્વના નિર્ણયો લેવાયા છે.

પ્રવકતા મંત્રીએ આ અંગે

## આગામી આંદોલનાત્મક તમામ કાર્યક્રમો મોકૂફ રાખવા કર્મચારી મંડળોનો નિર્ણય

મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, ૭માં પગાર પંચના બાકી ભથ્થા તાત્કાલિક અસરથી લાગુ કરવા આવશે આ તમામ લાભો કેન્દ્રના ધોરણે આપવામાં આવશે. કેન્દ્રના ધોરણે તા.૧-૪-૨૦૦૫ પહેલા ભરતી થયેલા કર્મચારીઓને જીપીએફ અને જૂની પેન્શન યોજનામાં સમાવવામાં આવશે. ઉપરાંત સી.પી.એફ.માં ૧૦ ટકાને બદલે ૧૪ ટકા સરકાર દ્વારા ઉમેરવામાં અંગે પણ અતિ મહત્વપૂર્ણ કર્મચારીહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૦૯ના કેન્દ્ર સરકારના ઠરાવ મુજબ કર્મચારીના મૃત્યુંના કિસ્સામાં કેન્દ્રના ધોરણે કુટુંબ પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે. રહેમરાહે નિમણુંક પામેલા તમામ કર્મચારીની નોકરી મૂળ નિમણુંક તારીખથી તમામ લાભો માટે સળંગ ગણવામાં આવશે. શૈક્ષણિક કેડર સિવાયના તમામ કર્મચારીઓને કેન્દ્રના કર્મચારીની જેમ ૧૦, ૨૦, ૩૦નું ઉચ્ચતર પગાર ધોરણ આપવા ઠરાવ કરવામાં આવશે. કર્મચારીઓનેરૂા.૩૦૦ને બદલે રૂા.૧૦૦૦ મેડિકલ ભથ્થુ આપવામાં આવશે. જે સરકારી કર્મચારીઓનું ચાલુ ફરજે અવસાન થાય તેવા કિસ્સામાં અપાતી ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવ્યો છે. ઉચ્ચક નાણાકીય સહાય રૂા.૮ લાખ અપાતી હતી તે વધારીને રૂા.૧૪ લાખ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ સરકારી કર્મચારીઓને બઢતી માટે આવશ્યક એવી પૂર્વ સેવા તથા ખાતાકીય પરીક્ષામાં પણ વિશેષ રાહત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પૂર્વ સેવા તથા ખાતાકીય પરીક્ષામાં મુક્તિ માટે ૫૦ ટકા પરિણામે કર્મચારીને પાસ ગણવામાં આવશે તેમજ આ પરીક્ષામાં અંગ્રેજીનું પ્રશ્નપત્ર પણ રદ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રીએ ઉમેર્યું કે, કર્મચારીઓને નિવૃત્તિ સમયે કોમ્યુટેડ પેન્શનના વ્યાજના દર અને મુદતમાં ઘટાડા સાથે ૧૫ વર્ષના ૧૮૦ હપ્તાને બદલે ૧૩ વર્ષના ૧૫૬ હપ્તામાં ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પરિણામે પ્રત્યેક કર્મચારીઓને નિવૃત્તિ સમયે અંદાજિત રૂા.૬ લાખ જેટલો સંભવતઃ ફાયદો થશે. સીસીસી પરીક્ષાની મુદત ડિસેમ્બર-૨૦૨૪ સુધી લંબાવવામાં આવશે. આ ઉપરાંત જૂથ વીમા કપાતની રકમના સ્લેબમાં વધારો કરવા ઉપરાંત તે પ્રમાણે વીમા કવચ પણ વધારવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે.

- સરકારના કર્મીઓને કેન્દ્રના ધોરણે ૭માં પગાર પંચના બાકી ભથ્થા તાત્કાલિક અસરથી લાગુ કરવા આવશે.
- કેન્દ્રના ધોરણે તા.૧-૪-૨૦૦૫ પહેલા ભરતી થયેલા કર્મચારીઓને જીપીએફ અને જૂની પેન્શન યોજનામાં સમાવાશે : સી.પી.એફ.માં ૧૦ ટકાને બદલે ૧૪ ટકા સરકાર દ્વારા ઉમેરાશે.
- કેન્દ્રના કર્મચારીની જેમ ૧૦, ૨૦, ૩૦નું ઉચ્ચતર પગાર ધોરણ અપાશે : કર્મચારીઓને રૂા.૩૦૦ને બદલે રૂા.૧૦૦૦ મેડિકલ ભથ્થુ અપાશે.
- મહિલા કર્મચારીઓની નોકરીનો સમયગાળો ધ્યાને લીધા સિવાય મૂળ નિમણુંક તારીખથી જ છ મહિનાની પ્રસૂતિ રજા આપવામાં આવશે.
- સરકારી કર્મચારીઓનું ચાલુ ફરજે અવસાન થાય તેવા કિસ્સામાં ઉચ્ચક નાણાકીય સહાય રૂા.૮ લાખ અપાતી હતી તે વધારીને રૂા.૧૪ લાખ કરાઈ.

મહિલા કર્મચારીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે લીધો છે જે અંતર્ગત મહિલા કર્મચારીઓની નોકરીનો સમયગાળો ધ્યાને લીધા સિવાય મૂળ નિમણુંક તારીખથી જ ૧૮૦ દિવસ એટલે કે છ મહિનાની પ્રસૂતિ રજા આપવામાં આવશે. તેમણે કહ્યું કે,વર્ષ ૨૦૦૬ પછીની ફિક્સ પગારની નીતિથી ભરતી થયેલા તમામ કર્મચારીને પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી તા.૧૮ જાન્યુઆરી ૨૦૧૭ના ઠરાવ મુજબ સળંગ ગણવા અંગેનો લાભ આપવામાં આવે છે. પરંતુ વર્ષ ૨૦૦૬ પહેલાના ફિક્સ પગારની નિતીમાં જેટલી કેડરનો સમાવેશ કરવામાં આવેલ છે તે તમામ કેડરને પ્રાથમિક શિક્ષકોની જેમ બાકી રહેલા તમામ સરકારી કર્મચારીઓ તેમજ ગ્રાન્ટ ઈન એડ શિક્ષકોને તા.૧લી એપ્રિલ ૨૦૧૯ની અસરથી સેવાઓ સળંગ ગણવામાં આવશે. આ ઉપરાંત રાજયની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પે આપવામાં આવશે. તા.૨૭ એપ્રિલ ૨૦૧૧ પહેલા ભરતી થયેલા પ્રાથમિક શિક્ષકોને નિવૃત્તિ સાથે પુરા પગારમાં સમાવવામાં આવશે. રાજય સરકાર દ્વારા લેવાયેલા આ કર્મચારી હિતલક્ષી નિર્ણયો માટે ગુજરાત રાજય કર્મચારી મહામંડળ અને સંયુકત મોરચાના તમામ હોદેદારોએ ગુજરાત સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે, હવે તેમણે આગામી કાર્યક્રમો મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે

## અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ અમદાવાદ દ્વારા આયોજિત વિશ્વનું સૌથી મોટું રક્તદાન અભિયાન





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ અમદાવાદ દ્વારા આયોજિત વિશ્વનું સૌથી મોટું રક્તદાન અભિયાન -મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનો પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ પણ ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે તેરાપંથ યુવક પરિષદ દ્વારા આ રકતદાન અભિયાન આયોજિત કરવા બદલ સમાજના સૌ આગેવાનો અને યુવાનોને અભિનંદન પાઠવતા કહ્યું કે, આટલું મોટું આયોજન રકતદાન માટે સૌપ્રથમવાર થઈ રહ્યું છે. નરેન્દ્ર મોદી હરહંમેશ સેવાના કાર્યોને જ પ્રાથમિકતા આપતા આવ્યા છે. સામાન્યમાં સામાન્ય અને છેવાડાના માનવી સુધી સરકારી યોજના પહોંચાડવા માટે નરેન્દ્ર મોદીના સતત પ્રયાસો રહ્યા છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ પ્રકારના લોકઉપયોગી આયોજન થકી સમાજમાં જાગૃતિ આવે છે. વધુમાં વધુ યુવાનો અને સમાજ આવા અભિયાનમાં જોડાય તેવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપીલ પણ કરી હતી.

આ અવસરે મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવના સલાહકાર મુકેશ ગુગલિયાએ જણાવ્યું કે, અમારો લક્ષ્યાંક દેશ અને વિદેશમાં પ્રવાસી ભારતીય નાગરિકો દ્વારા આશરે ૨૦૦૦ રક્તદાન શિબિરોનું આયોજન કરીને અંદાજે ૧,૫૦,૦૦૦ યુનિટથી વધુ રકતદાન મેળવવાનો છે. આ સંસ્થાએ પૂર્વમાં પણ ૨૦૧૨ અને ૨૦૧૪માં એક લાખથી વધુ રક્ત યુનિટ એકત્રિત કરી ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનો નામ નોંધાવ્યું છે. આ અવસરે કાઉન્સિલરઓ, તેરાપંથ યુવક પરિષદ અમદાવાદના પ્રમુખ, સભ્યઓ, મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ સાથે સંકળાયેલા વોલિયનટીયર્સ, સમાજના આગેવાનો તેમજ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી દ્વારા પાંચ નિવૃત પ્રાધ્યાપકોનું થનારૂ ગરિમાપૂર્ણ સન્માન

### મંગળવારે યોજાનારી ચોત્રીસમી વાર્ષિક સાધારણ સભામાં કુલપતિ પ્રો. ગિરિશભાઈ ભીમાણી અને આર.ડી.સી. બેંકના સિનિયર ડિરેકટર અરવિંદભાઈ ત્રાડાની પ્રેરક ઉપસ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો. કમલેશભાઈ જોષીપુરા, ભૌતિક શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. મિહિરભાઈ જોષી, ઈલેક્ટ્રોનિક્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. એચ.એન. પંડ્યા, બાયોસાયન્સ ભવનના પ્રો. બી.આર.એમ. વ્યાસ તથા ડો. વર્ષાબેન ત્રિવેદીનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગિરિશભાઈ ભીમાણીના અધ્યક્ષસ્થાને તા. ૨૦-૯-૨૦૨૨ને મંગળવારના રોજ સાંજે ૫ કલાકે અંગ્રેજી ભવનના વ્યાસ સેમિનાર હોલમાં યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે સહકાર ક્ષેત્રના વરિષ્ઠ અગ્રણી અનેઆર.ડી.સી. બેંક રાજકોટના સિનિયર ડિરેકટર અરવિંદભાઈ ત્રાડા ઉપસ્થિત રહેશે. મંગળવાર તા.૨૦-૯-૨૦૨૨ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ચોત્રીસમી વાર્ષિક સાધારણ સભા, સાથોસાથ વય મર્યાદાને કારણે નિવૃત થનાર અધ્યાપકોના અભિવાદન સમારોહને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.





જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ ડો. જે.એ. ભાલોડીયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો. યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો -પ્રો. સંજય ભાયાણી, પ્રો. આર.બી. ઝાલા, પ્રો. અતુલભાઈ ગોસાઈ, પ્રો. નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો. અશ્વિનભાઈ સોલંકી અને ડો. ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે.

## અમદાવાદ-બાવળામાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન



અમદાવાદ તા.૧૭

સોલા રોડ, સાયન્સ સીટી, તક્ષશિલા સોસાયટીમાં અને બાવળાના ચાચરાવાડી વાસણા ગામમાં માતાના મૃત્યું પછીની તમામ વિધિઓ ફગાવીને અંધશ્રદ્ધા નિવારણનો ભારતજન વિજ્ઞાનજાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ ભારે સફળતાથી સંપન્ન થયો હતો. વરસાદના અવરોધ વચ્ચે મૃત્યું પછીની ધાર્મિક ક્રિયાકાંડો નિરર્થક, બોગસ હોય તિલાંજલિ આપવા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિધિઓમાં લાખ, બે લાખનો ખર્ચ કર્યો હોય અને અમુક વર્ષ પછી પાછા પિતૃ-સુરાપુરા જાગે તો ક્રિયાકાંડો કરાવનારા તમામ સામે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ દાખલ કરવા જાથાને આહવાન કર્યું હતું. યજમાન પરિવારે પોતાની પાસે વિધિનું બાંહેધરીપત્રક હોવું જરૂરી છે. અમદાવાદમાં તક્ષશિલા સોસાયટીમાં જનજાગૃતિ કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે જશુભાઈ મોહનભાઈ પટેલે જણાવ્યું કે, અંધશ્રા દૂર થશે તો જ સમાજ, રાષ્ટ્ર પ્રગતિ કરી શકશે. માનવીએ વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ અપનાવી તર્કને પ્રાધાન્ય આપી પ્રગતિ-વિકાસનો માર્ગ અપનાવવો પડશે. વિજ્ઞાનથી માનવજાત સુખી-સંપન્ન થઈ છે તે સૌએ સ્વીકારવું પડશે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ પોતાના અંગત વિચાર આપતા જણાવ્યું કે, મૃત્યું પછીની તમામ વિધિઓ, નિરાધાર, બોગસ છે. મૃત્યું પછી વિધિઓ પાછળ લાખ, બે-પાંચ લાખ સુધીનો ખર્ચ થતો હોય છે. અમુક સ્થળે મોટો જમણવાર તો કયાંક દેશી-વિદેશી દારૂ સગા-સંબંધીઓને પીરસવામાં આવે છે. વાસ્તવમાં મૃત્યું પછીની વિધિઓ, માન્યતા, રિવાજ, કુરિવાજની વ્યાખ્યામાં આવે છે. તેને તિલાંજલિ આપવી ભાવી પેઢી માટે હિતકારક છે.

## ગુજરાતમાં એક જ દિવસમાં સામે આવી દુષ્કર્મની ૩-૩ ઘટના

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં આજે એક જ દિવસમાં દુષ્કર્મની ૩-૩ ઘટના સામે આવી છે. રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખના પતિ સામે દુષ્કર્મની ફરિયાદ થતાં ખળભળાટ મચી ગયો છે. ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ. જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ડિમ્પલ ગલાણીના પતિ સામે ફરિયાદ નોંધાતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

## પોરબંદર : જેન્તિરામ બાપાનાં જમાઈ હિરેન જોષીનું અવસાન

### અંતિમ યાત્રામાં જેન્તિરામ બાપા તથા રાજગોર સમાજનાં આગેવાનો જોડાયા : સોમવારે પ્રાર્થના સભા

પોરબંદર નિવાસી હિરેનભાઈ જેન્તિભાઈ જોષી (ઉ.વ.૩૭) તે કિરણબેનનાં પતિ તથા પ્રાપ્તીનાં પિતા અને સ્વ. જેન્તિભાઈ દેવજીભાઈ જોષીનાં પુત્ર તેમજ નાગજીભાઈનાં ભત્રીજા અને ધુનડા સતપુરણધામ આશ્રમનાં સંત જેન્તિરામબાપાનાં જમાઈ અને કિરીટભાઈ, ચંપાબેન જામનગર તથા નયનાબેનનાં ભાઈનું તા.૧૬નાં રોજ અવસાન થયેલ છે. ગતરાત્રે સદગત હિરેનભાઈની અંતિમ યાત્રા ચાંમુડા પાર્ક, જુબેલી, પોરબંદર ખાતેથી નિકળી હતી. જેમાં જેન્તિરામબાપા તથા રાજગોર સમાજનાં આગેવાનો જોડાયા હતા અને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. સદગતની પ્રાર્થના સભા અને બેસણું તેમનાં નિવાસ સ્થાનની બાજુમાં આવેલ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિની કન્યા છાત્રાલય જયુબેલી પોરબંદર ખાતે તા.૧૯ને સોમવારનાં રોજ સવારે ૯થી સાંજનાં ૬ કલાક સુધી રાખેલ છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર • જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
- આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો.૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
- પાણીપુરી
- મસાલાપુરી
- દહીપુરી
- સેવપુરી
- ભેળ
- દાબેલી
- દિલ્હી ચાટ
- લસણીયા બટેટા
- સમોસા રગડો
- રગડા પેટીસ
- બાસ્કેટ ચાટ

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

મીલાદ/ખતમ માટે
★ સ્પે. નાન ખટાઈ મળશે
★ પફ, પાઉં, બ્રેડ ગરમ મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક
મો.૯૮૨૪૦૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો.૮૩૨૦૧૫૨૭૫૨

100% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૩૮૦
મલાઈ (ક્રિમ) રૂા. ૩૦૦
100% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૨૦
ગાયનું ઘી રૂા. ૫૬૦
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.


Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 237, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

### વિશ્વમાં થઈ રહેલી ગ્લોબલ વોર્મિંગની અસર સામે નવી નીતિઓ ઘડવામાં ગુજરાત અગ્રેસર

# ગ્લોબલ વોર્મિંગ સામેની વૈશ્વિક લડાઈમાં ગુજરાત રાજય મોખરે એશિયા ખંડમાં 'ક્લાયમેટ ચેન્જ' વિભાગ શરૂ કરનાર ગુજરાત પ્રથમ

## "વિશ્વાસથી વિકાસયાત્રા"





## ૨૦૨૨માં નીતિ આયોગ દ્વારા પ્રકાશિત એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ડેક્સમાં ભારતના તમામ રાજ્યોમાં ગુજરાતને તાજેતરમાં પ્રથમ સ્થાન મળ્યું : ગુજરાતે ક્લાઈમેટ ચેન્જ ઉપર તૈયાર કર્યો સ્ટેટ એક્શન પ્લાન : IIT, ગાંધીનગર અને IIM, અમદાવાદ કરશે મદદ

આપણેસૌ આજે બદલાતા વાતાવરણનીઅસરોઅનુભવી રહ્યાં છીએ. ક્યારેક અતિશય ઠંડી તો ક્યારેક અતિશય ગરમી અને ક્યારેક વધુ વરસાદ તો ક્યારેક અસામાન્ય વરસાદ તેમજ ક્યારેક વાવઝોડા અને વંટોળની સ્થિતી સર્જાય છે. આ બધી ઘટનાઓ હવે સામાન્ય બનતી જઈ રહી છે. આપણે સૌ જાણીએ છીએ કે આ બધી સમસ્યાઓના મૂળમાં ગ્લોબલ વોર્મિંગ રહેલું છે. જેને કારણે આ ક્લાઈમેટ ચેન્જની સ્થિતી આજે વિશ્વ ભરમાં છેલ્લા કેટલાક વર્ષોથી અનુભવાઇ રહી છે. આ સમસ્યા આજે સમગ્ર વિશ્વ સામે ખતરારૂપ ઘંટડી સમાન છે. જો હાલ આ બાબતે કોઈ ચોક્કસ પગલા લેવામાં નહી આવે તો આવનારી પેઢીના ભવિષ્ય સામે સવાલ ઉભા થઈ શકે છે. ગુજરાત સરકાર રાજ્યના લોકોની સુખાકારી માટે હંમેશા સંવેદનશીલ રહી છે અને કોઈ પણ અવરોધો સામે પગલા લેવામાં હંમેશા અગ્રેસર રહી છે. ત્યારે આ ક્લાઈમેટ ચેન્જ સામે રક્ષણ મળે તથા આવનાર પેઢીને સારૂ ભવિષ્ય મળે તે માટે પણ સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાતના સક્રિય અભિગમના ભાગરૂપે, વર્ષ ૨૦૦૯માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્લાયમેટ ચેન્જના સ્વતંત્ર અલાયદા વિભાગની સ્થાપના કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. ક્લાઈમેટચેન્જની અસર સામે લડવા આ મુજબના સ્વતંત્ર વિભાગની રચના કરનાર ગુજરાત સમગ્ર એશિયાખંડમાં પ્રથમ સ્થાને છે. આ ક્લાઈમેટ ચેન્જમ વિભાગ ક્લાઈમેટ ચેન્જચના અનૂકુલન અને શમન માટેની વિવિધ નીતિઓઅને યોજનાઓ ઉપર કામ કરી રહ્યું છે. ગુજરાતે ભારતના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અનુસાર ક્લાઈમેટ ચેન્જ ઉપર સ્ટેટ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. રાજ્ય કાર્ય યોજનામાં નવ વિષયો જેવા કે કૃષિ, પાણી, આરોગ્ય, જંગલો અને જૈવ-વિવિધતા, દરિયાઈ સપાટીમાં વધારો અને દરિયાકાંઠાની માળખાકીય સુવિધાઓ, ઉર્જા કાર્યક્ષમતા અને નવીનીકરણીય ઉર્જા, શહેરી વિકાસ, નબળા સમુદાયો અને ગ્રીન જોબ્સના ક્ષેત્રોનો સમાવેશ કરતી અનુકૂલન અને શમનની ક્રિયાઓનો સમાવેશ થાય છે. SAPCC (સ્ટેટ એક્શન પ્લાન ક્લાઈમેટ ચેન્જ)ને તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ(IIM) અમદાવાદ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી(IIT) ગાંધીનગરની મદદથી અદ્યતન કરવામાં આવી છે.

### ક્લાઇમેટ ચેન્જ ઉપર ગ્રીન બજેટમાં રૂા.૯૦૦૦ કરોડની જોગવાઇ : આ પ્રવૃતિને વેગ આપવા વિવિધ વિભાગો સાથે ભાગીદારી

છેલ્લા ૫ વર્ષથી, આ વિભાગ ક્લાઈમેટ ચેન્જ અનુકૂલન અને શમનને લગતી વિવિધ વિભાગોની પ્રવૃતિઓનું સંકલન કરીને ગુજરાતનું ગ્રીન બજેટ રજૂ કરી રહ્યું છે. વર્તમાન નાણાંકીય વર્ષના બજેટમાં રાજ્ય સરકારના અન્ય ૧૯ વિભાગો દ્વારા ક્લાઈમેટ ચેન્જ સ્કીમ હેઠળ રૂા.૯૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ક્લાઈમેટ ચેન્જ માટે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવા માટે ગુજરાત યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી છે. ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટે યુનિસેફ, GIZ અને ICLEI જેવી વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ ક્લાઈમેટ ચેન્જ ઉપર વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા ભાગીદારી કરી છે. ભારત સરકારે ગુજરાતના ક્લાઈમેટ ચેન્જ (NAFCC) પ્રોજેક્ટ માટે નેશનલ એડેપ્ટેશન ફંડ મંજૂર કર્યું છે જે કચ્છ, ગુજરાતમાં કુદરતી સંસાધન આધારિત સમુદાયો માટે ક્લાઈમેટ ચેન્જ અનુકૂલન અને પાણી અને આજીવિકાની સુરક્ષા અને ઈકોસિસ્ટમ પૂર્નઃસ્થાપન દ્વારા સ્થિતિ સ્થાપકતામાં વધારો થાય તેના ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટમાં પાણીની સુરક્ષા, આજીવિકાની સુરક્ષા અને ઈકોસિસ્ટમ પૂર્નઃસ્થાપનને સુનિશ્ચિત કરવાના હેતુ માટેની ૧૫ વિવિધ પ્રવૃત્તિઓ સામેલ છે.









### રિન્યુએબલ ઉર્જા ક્ષેત્રે પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ

● **સરકારી ઈમારતો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ બેસાડવાની યોજના :** ગુજરાત સરકારની કલાઈમેટ ચેન્જ પોત્સાહક નિતીના કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં સોલાર રૂફટોપમાં ૧૯૩૭ મેગાવોટ ક્ષમતા સાથે અગ્રેસર છે. સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધી અંદાજે ૧૭૭૧ શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્ય કેન્દ્ર જેવી કે કલેક્ટર/મામલતદાર કચેરી, આરટીઓ કચેરી, ટ્રેઝરી ઓફિસ, સરકારી કોલેજો, કોર્ટ સંકુલ, પોલીસ સ્ટેશન, સરકારી સિવિલ હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે ઈમારતો ઉપર કૂલ ૪૦૫૯૦ કિલોવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવામાં આવેલ છે.

● **સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ માટે સબસીડી યોજના :** સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજના હેઠળ રાજ્યમાં આવેલ ગૌશાળા/પાંજરાપોળ/શૈક્ષણિક સંસ્થાઓ/ચેરિટેબલ અને ધાર્મિક ટ્રસ્ટો/હોટલ/પ્રાઈવેટ ડેરીઓ/એગ્રોફૂડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝ/કો-ઓપરેટીવ સુગર ઈન્ડસ્ટ્રીઝની લાભાર્થી તરીકે પસંદગી કરવામાં આવે છે. આ યોજના હેઠળ બિન નફાકીય સંસ્થાઓને બાયોગેસ પ્લાન્ટની કિંમતના ૭૫ ટકા અને નફાકીય સંસ્થાઓને બાયોગેસ પ્લાન્ટની કિંમતના ૫૦ ટકા સબસીડી આપવામાં આવે છે.

● **ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ઊર્જા કાર્યક્રમ પંખાઓ બેસાડવાની યોજના :** આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮થી અત્યાર સુધીમાં કુલ ૭૬૦૧૬ પંખા, ગુજરાતના જુદા-જુદા કુલ ૨૦ જિલ્લાઓની ૮૭૬૯ શાળાઓમાં લગાવવામાં આવેલા છે. જેના દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૨.૫૬ મિલીયન યુનિટની વીજ બચત થયેલી છે તેમજ ૧૨૫૫૭ ટન કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ઘટાડો નોંધાયેલ છે.

● **ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ઊર્જા કાર્યક્રમ એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ બેસાડવાની યોજના :** આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮થી અત્યાર સુધીમાં કુલ ૧૧૫૪૩૪ ટ્યુબલાઈટ, ગુજરાતના જુદા-જુદા કુલ ૨૩ જિલ્લાઓની ૧૧૬૯૦ શાળાઓમાં લગાવવામાં આવેલ છે. સદર યોજના દ્વારા અત્યાર સુધીમાં કુલ ૩૦.૭૯ મિલીયન યુનિટની વીજ બચત થયેલ છે તેમજ ૩૦૭૮૭ ટન કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનમાં ઘટાડો નોંધાયેલ છે.

● **પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન યોજના :** પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન માટે ગ્રામ્ય વિસ્તારોમાં સખી મંડળની બહેનોને પ્રતિ કિલો રૂા.૧૦/-ની પ્રોત્સાહક રકમ આપવાની યોજના રૂા.૫૦ લાખની જોગવાઈ સાથે ૨૦૨૧-૨૨થી અમલમાં મૂકેલી છે અને ઓગસ્ટ-૨૦૨૨ના અંત સુધીમાં ૮૫ ટન પ્લાસ્ટિક કચરાના એકત્રીકરણ માટે પ્રોત્સાહક રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. ઊર્જા બચત, પાણી બચત તથા પ્લાસ્ટિકના ઉપયોગથી થતી અસરો અંગે ગ્રામ્ય કક્ષાએ જાગૃતતા લાવવા સખીમંડળની બહેનોને તાલીમ આપવાની યોજના અંતર્ગત ૨૦૨૧-૨૨ થી ૩૩ જીલ્લાની ૨૫૭૪૦ બહેનોને તાલીમ આપવામાં આવેલ છે.

● **સોલાર વોટર હિટીંગ સિસ્ટમ :** GEDA દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬થી રાજ્યમાં આદિવાસી વિસ્તારોની સરકારી છાત્રાલયોમાં સોલાર વોટર હીટિંગ સિસ્ટમ સ્થાપિત કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. બાદમાં રાજ્યના તમામ સરકારી છાત્રાલયો, નિવાસી શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને તીર્થધામના વિશ્રામ ગૃહોને આવરી લેવામાં આવ્યા. ઉપરોક્ત યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬થી આજદિન સુધી ગુજરાત રાજ્યની વિવિધ સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને હોસ્ટેલ બિલ્ડીંગની પરિસ્થિતી અનુસાર ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા ૧૦૦ ટકા સરકારી સહાયથી કુલ ૫૪૦ હોસ્ટેલ બિલ્ડીંગમાં કુલ ૧૯,૮૨,૫૦૦ લિટર પ્રતિ દિવસ ક્ષમતાની સોલાર વોટર હિટીંગ સીસ્ટમ અંદાજીત રૂા.૨૯.૨ કરોડના ખર્ચે બેસાડવામાં આવેલ છે. જેનો ઉપયોગ છાત્રાલયોમાં રહેતા અંદાજીત ૭૯૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા નહાવા માટે થાય છે. સોલાર વોટર હિટીંગ સીસ્ટમની સ્થાપનાથી વાર્ષિક ૫૧.૯૫ મિલિયન વિજ યુનિટની બચત થાય છે.

● **લાકડા આધારીત સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડવાની સહાય યોજના :** સુધારેલ સ્મશાનભઠ્ઠીના ઉપયોગથી મૃતદેહના અગ્નિસંસ્કાર પાછળ વપરાતા લાકડામાં આશરે ૪૦થી ૫૦ ટકા જેટલી બચત થઈ શકે છે. આ યોજના અંતર્ગત ગ્રામપંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકા/મહાનગર સેવાસદન હસ્તકના સ્મશાન ગૃહોમાં વર્ષ ૨૦૧૬-૧૭થી અત્યાર સુધીમાં કુલ ૫૬૫૦ સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલી છે. જેના માટે લાભાર્થી પાસેથી રૂા.૧૦૦૦/- પ્રતિ સ્મશાનભઠ્ઠી ટોકન રકમ તરીકે લેવામાં આવે છે.

● **બેટરી સંચાલિત ઇલેક્ટ્રિક દ્વિ-ચકીય વાહન માટે વિદ્યાર્થીઓને સબસિડી :** ગુજરાત રાજયનાશહેરી વિસ્તારોમાં પરિવહન માટે બેટરી સંચાલિત વાહનોના ઉપયોગથી પેટ્રોલિયમ પેદાશોની બચત થાય છે તેમજ પર્યાવરણની જાળવણી થાય છે. બેટરી સંચાલિત વાહનોની વિશેષતા નીચે મુજબ છે.

● મોંઘા પેટ્રોલ વિના ચાલે છે અને અશ્મિભૂત ઈંધણ ઉપરની નિર્ભરતા ઘટાડે છે.

● પ્રદૂષણ મુક્ત વાહનો અને પર્યાવરણને જોખમી વાયુઓથી બચાવે છે.

● ધ્વનિ પ્રદૂષણ થતું નથી.

● ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા(ARAI) દ્વારા ઓછી ગતિના વાહનોને RTO નોંધણી અને ડ્રાઈવિંગ લાયસન્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.

● ખૂબ જ ઓછા પાવર વપરાશ સાથે બેટરીને ઘરે સરળતાથી ચાર્જ કરી શકાય છે. ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓને લિથિયમ-આયન બેટરીસંચાલિત ઈલેક્ટ્રિક દ્વિ-ચકીય વાહન માટે વાહન દીઠ રૂા.૧૨૦૦૦ની સબસિડી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬થી કુલ ૩૭૯૬૮ વિદ્યાર્થીઓને રૂા.૩૯.૬૫ કરોડની સબસિડી આપવામાં આવેલી છે.

### દેશની ખ્યાતનામ સંસ્થાઓ દ્વારા ક્લાઈમેટ ચેન્જ ઈમ્પેક્ટ્સ એન્ડ રિસર્ચ ઉપર અધ્યયન

ક્લાઈમેટ ચેન્જ વિભાગ IIM, અમદાવાદ, IIT, ગાંધીનગર, CEPT, GERMI, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, M.S. યુનિવર્સિટી વગેરે સહિત ગુજરાત રાજ્યની પ્રખ્યાત સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓને વિવિધ ક્લાઈમેટ ચેન્જ માટેના રિસર્ચને સમર્થન આપી રહી છે. ગુજરાત SAPCC રાષ્ટ્રીય માર્ગદર્શિકા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ(SDGs), પેરિસ કરાર અને પંચામૃત માટે ભારતના રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન(INDC) સાથે સંકળાયેલ છે. ગુજરાત વર્ષ ૨૦૩૦ માટે રાષ્ટ્રીય લક્ષ્ય સાથે રાજ્ય સ્તરે પૂર્નઃપ્રાપ્ય ઉર્જા લક્ષ્યાંક હાંસલ કરવા માટે તેની વ્યૂહરચના અને રોડમેપ તૈયાર કરી રહ્યું છે. IIM અને IIT સાથે પરામર્શમાં રહી બેટરી સ્ટોરેજ, ગ્રીન હાઈડ્રોજન જેવા નવીન ઉર્જા ઉકેલો ઉપર નવી વ્યૂહરચના વિકસાવી રહ્યું છે તેમજ નેટ ઝીરો માટે રોડમેપ પણ વિકસાવવામાં આવી રહ્યો છે.

● ૨૦૨૨માંનીતિ આયોગ દ્વારા પ્રકાશિત એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ડેક્સમાં ભારતના તમામ રાજ્યોમાં ગુજરાતને તાજેતરમાં પ્રથમ સ્થાન મળ્યું છે.

### રિન્યુએબલ ઉર્જામાં અગ્રેસર ગુજરાત : પવન ઉર્જા અને સૌર ઉર્જામાં દેશમાં બીજું સ્થાન

**પવન ઊર્જાની ઝાંખી :** ગુજરાત દ્વારા વર્ષ ૧૯૯૩-૯૪માં દેશની સૌ પ્રથમ પવન ઊર્જા નીતિ જાહેર કરવામાં આવેલ. સમગ્ર ભારતમાં ૩૧ ઓગસ્ટ-૨૦૨૨ની સ્થિતિએ ૪૧૨૦૪.૬૮ મે.વો. ક્ષમતાના વિન્ડ પાવર પ્રોજેક્ટો સ્થાપવામાં આવેલ છે. જે પૈકી ૯૫૬૬.૩૬ મે.વો.ની ક્ષમતા સાથે ગુજરાતનું યોગદાન બીજા સ્થાને છે. જે આશરે ૨૩.૨ ટકા જેટલું થાય છે.

**સૌર ઊર્જાની ઝાંખી :** ગુજરાત દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯માં દેશની સૌ પ્રથમ સૌરઊર્જા નીતિ જાહેર કરવામાં આવેલ. સમગ્ર ભારતમાં ૩૧ ઓગસ્ટ-૨૦૨૨ની સ્થિતિએ ૫૯૩૦૨.૭૦ મે.વો. ક્ષમતાના સૌર પાવર પ્રોજેક્ટો સ્થાપવામાં આવેલ છે. જે પૈકી ૮૦૭૫.૨૧ મે.વો.ની ક્ષમતા સાથે ગુજરાતનું યોગદાન બીજા સ્થાને છે. જે આશરે ૧૩.૬. જેટલું થાય છે.




## સરકારની ક્લાઈમેટ ચેન્જ નીતિના ઉત્કૃષ્ટ પરિણામો-સિધ્ધિઓ-ઉપલબ્ધીઓ

● સમગ્ર એશિયા ખંડમાં ક્લાઈમેટ ચેન્જટ માટે અલાયદા વિભાગની સ્થાપના કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. ક્લાઈમેટ ચેન્જન વિભાગ ક્લાઈમેટ ચેન્જગના અનૂકુલન અને શમન માટેની વિવિધ નીતિઓ અને યોજનાઓ ઉપર કામ કરી રહ્યું છે.

● ૨૦૨૨માંનીતિ આયોગ દ્વારા પ્રકાશિત એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ડેક્સમાં ભારતના તમામ રાજ્યોમાં ગુજરાતને તાજેતરમાં પ્રથમ સ્થાન મળ્યું છે.

● ક્લાઈમેટ ચેન્જ વિભાગ હસ્તક ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ નવીન અને પૂર્નઃપ્રાપ્ય ઊર્જાના કેન્દ્રીય રાજ્ય મંત્રી ભગવંત ખુબાના હસ્તે એસોસીએશન ઓફ રિન્યુએબલએનર્જી ઓફ સ્ટેટ(AREAS) દ્વારા હાંસલ કરેલ કૂલ છ એવોર્ડ

૧. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પ્રથમ ક્રમની સૌથી વધારે પવન ઊર્જા વધારાની ક્ષમતા માટે.
૨. વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પવન ઊર્જાની 'સ્થાપિત ક્ષમતા' માટે.
૩. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દ્વિતિય ક્રમની સૌથી વધારે સૌર ઊર્જા વધારાની ક્ષમતા માટે.
૪. વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પૂર્નઃપ્રાપ્ય ઊર્જાની 'સ્થાપિત ક્ષમતા' માટે.
૫. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દ્વિતિય ક્રમની સૌથી વધારે પૂર્નઃપ્રાપ્ય ઊર્જા વધારાની ક્ષમતા માટે.
૬. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દ્વિતિય ક્રમની સૌથી વધારે પૂર્નઃપ્રાપ્ય ઊર્જા જનરેશન માટે.

● ગુજરાતરાજ્યને વિન્ડ સેકટરમાં ઉત્તમ કામગીરી માટે ઘણા એવોર્ડસ મળ્યા છે. હાલમાં જ ભારત સરકારના ઉર્જા અને નવીન અને બિનપરંપરાગત ઉર્જાના મંત્રી આર.કે. સિંઘ દ્વારા ૧૫મી જૂન ૨૦૨૨ના રોજ પવન ઉર્જા ક્ષેત્રે વર્ષ ૨૦૨૧ માટે સૌથી વધુ સ્થાપિત ક્ષમતા માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરતી રાજ્ય નોડલ એજન્સી તરીકે ગુજરાતની ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગરને એવોર્ડ આપવામાં આવેલ હતો.

# રાજ્યના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા તા. ૧૭થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન રાજ્યભરમાં ક્લાયમેટ ચેન્જ અંગેના પંચામૃત - યુવા જાગૃતિ પખવાડિયું ઉજવાશે

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી કરાશે શુભારંભ : ક્લાઈમેટ ચેન્જ, વન અને પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણા તથા રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહેશે

ગાંધીનગર તા. ૧૭

કલાયમેટ ચેન્જ અંગેના પંચામૃત - યુવાજાગૃતિ પખવાડિયું ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ઉદઘાટન સમારોહ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના મુખ્ય અતિથિ પદે પીડીઈયુ ગાંધીનગર ખાતેથી તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે. આ સમારોહમાં ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણ અને વન મંત્રી શ્રી કિરીટસિંહ રાણા તથા રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહેશે. હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ

કલાયમેટ ચેન્જની દિશામાં ગુજરાતમાં સપ્ટેમ્બર, ૨૦૦૯માં અલાયદા કલાઈમેન્ટ ચેન્જ વિભાગની સ્થાપના કરવામાં આવી હતી. જે સમગ્ર એશિયામાં પ્રથમ અને વિશ્વમાં રાજ્ય સરકારનો ચોથો અલાયદો વિભાગ બન્યો છે. એમ ક્લાઈમેટ ચેન્જ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ પખવાડિયાના પૂર્વ કાર્યક્રમના ભાગરૂપે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ' નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ખાતે એક વિશેષ સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ક્લાઈમેટ ચેન્જ યુવા જાગૃતિ પખવાડિયા અંતર્ગત તા. ૧૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ ખાતે સાયન્સ સીટી, આઈ-હબ, એએમએ, નિરમા યુનિવર્સિટી, ટાગોર હોલ, ભુજ ખાતે શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, સુરત ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, રાજકોટ ખાતે મારવાડી યુનિવર્સિટી, કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા વડનગર ખાતે સરકારી પોલીટેકનીક જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ સ્પર્ધાઓ, કાર્યક્રમો, સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પખવાડિયા દરમ્યાન કોલેજ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જેમાં ક્લાઈમેટ ચેન્જ નિવારણ માટે નવીન વિચારો અંગેની સ્પર્ધામાં પુનઃપ્રાપ્ય ઉર્જા, જળ પ્રદૂષણ/સંરક્ષણ, ક્લાઈમેટ ચેન્જ માટે નાણાભંડોળ, ઈલેક્ટ્રીક વાહન, હવા પ્રદૂષણ, ક્લાઈમેટ એક્શન, શમન, અનુકૂલન, જમીન સંરક્ષણ/માટી બચાવો પ્રાકૃતિક ખેતી, કચરાવ્યવસ્થાપન જેવા વિષયો આવરી લેવાયા છે. તેમજ પર્યાવરણ, કલાયમેટ ચેન્જ, વન, જૈવ વિવિધતા, કચરાવ્યવસ્થાપન જેવા વિષય ઉપર સૂત્ર લેખન સ્પર્ધા અને એનર્જીસ્ટોરેજ, બેટરી સંચાલિત વાહનો, જળ વ્યવસ્થાપન/રિસાયકિલંગ, ઘન કચરા વ્યવસ્થાપન, પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન જેવા વિષયો પર જૂથ ચર્ચા પણ યોજાશે. ક્લાઈમેટ ચેન્જને અટકાવવામાં સમાજના વિવિધ ઘટકોની

**● ૧૬ સપ્ટેમ્બર-વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ખાતે પૂર્વ કાર્યક્રમના ભાગરૂપે વિશેષ સેમિનારનું આયોજન**

**● ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભુજ, કેવડિયા, વડનગર ખાતેની સંસ્થાઓમાં વિવિધ વિષયો પર ચર્ચા-સેમિનારો યોજાશે**

**● શાળા-કોલેજ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન**

ભૂમિકા, અન્નનો આદર, પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી, માટી બચાવો, પંચામૃત લક્ષ્યાંકો જેવા વિષયો પર વક્તૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. આ ઉપરાંત શાળા કક્ષાએ પણ વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જેમાંપ્રદૂષણ, વનીકરણ, પૃથ્વી બચાવો, વૈશ્વિક તાપમાનમાં વધારો, પાણી બચાવો, અન્નનો આદર, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રીક વાહનો, ઓઝોન સ્તરમાં ગાબડા જેવા વિષયો પર ચિત્ર, પેઈન્ટિંગ, નિબંધ લેખન જેવી સ્પર્ધાઓ યોજાશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા વિવિધ સરકારી વિભાગોના ક્ષમતા નિર્માણ દ્વારા ક્લાઈમેટ ચેન્જ કાર્ય યોજનાનું આયોજન અને અમલીકરણ કરે છે તથા ક્લાઈમેટ ચેન્જની અસરો દૂર કરવા માટે સરકાર અને સમાજ વચ્ચે સેતુની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત અનુકૂલન અને શમનની પ્રોત્સાહક નીતિઓઅને પ્રકલ્પો શરૂ કરવા તેમજ પુનઃપ્રાપ્ય ઉર્જાઓના વપરાશને પ્રોત્સાહન અને ઊર્જા કાર્યક્ષમતા વધારવાના પ્રયત્નો કરવા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરવી વગેરે તેના અન્ય મુખ્ય કાર્યો છે. રાજ્યના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા રહેણાંક મકાનો પર સોલાર રૂફટોપ, સરકારી મકાનો પર સોલર રૂફટોપ, સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, સુધારેલી સ્મશાન ભઠ્ઠી, રિસર્ચ પ્રોજેક્ટ માટે સહાય, બેટરી સંચાલિત દ્વિ-ચકી તથા ત્રિ-ચકીય વાહનો, સોલર વોટર હિટીંગ સિસ્ટમ, એલઈડી ટ્યુબલાઈટ તથા ઉર્જા કાર્યક્ષમ પંખાઓને પ્રોત્સાહન વગેરે જેવી યોજનાઓ અમલમાં છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભાવિ પેઢી ઉપર તોળાતો ખતરો

કોરોનાના પ્રભાવને લઈને દેશમાં છેલ્લાં બે વર્ષમાં વેપાર-ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય સેવા અંગે અનેક સર્વેક્ષણો થયાં, જેના નિષ્કર્ષ દર્શાવે છે કે, તેણે દેશના સામાન્ય જનજીવનની સાથે શિક્ષણ અને વિદ્યાર્થીઓને પણ ઘણી હદે પ્રભાવિત કર્યા છે. વિદ્યાર્થીઓ જોકે સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાના આધાર સ્તંભ છે, તેથી એમના ઉપર પડનારો પ્રભાવ દેશ અને સમાજને પણ પ્રભાવિત કરે છે. આ જ સંદર્ભમાં જોડાયેલો એક મુખ્ય સર્વેક્ષણ રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અનેપ્રશિક્ષણ પરિષદ(એનસીઈઆરટી) દ્વારા દેશના ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૩.૭૯ લાખ છાત્રો ઉપર કરવામાં આવ્યું. આ સર્વેક્ષણ એનસીઈઆરટીની મનોદર્પણ એકમ દ્વારા જાન્યુઆરી-માર્ચ ૨૦૨૨માં ધોરણ છથી આઠ તથા ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ વચ્ચે બે શ્રેણીઓમાં કરવામાં આવ્યું હતું. તેમાં સામે આવ્યું કે, દેશના ૩૩ ટકા એટલે કે એક તૃતિયાંશ છાત્રો પરીક્ષા અને તેના પરિણામની ચિંતાને લઈને હંમેશાં દબાણમાં રહે છે. ૫૧ ટકા છાત્ર આજે પણ ઓનલાઈન ભણતરમાં મુશ્કેલી અનુભવે છે. ૮૧ ટકા વિદ્યાર્થીઓ ભણતર, પરીક્ષા અને પરિણામને લઈને વધુ ચિંતિત રહે છે. જોકે, ૭૩ ટકા વિદ્યાર્થીઓ સ્કૂલી જીવનથી સંતુષ્ટ જોવા મળ્યા. બદલાવની સાથે સમાયોજનને લઈને ૪૩ ટકા છાત્રોએ પોતાની સકારાત્મક સહમતિ દર્શાવી. ત્યાં જ ૪૫ ટકા છાત્રો શારીરિક છબિને લઈને તણાવગ્રસ્ત જોવા મળ્યા. અહીં છાત્રોએ એ પણ સ્પષ્ટ કર્યું કે, તેઓ પોતાના આ તણાવને ઘટાડવા માટે યોગ અને ધ્યાનની સાથે સાથે વિચારમાં પણ બદલાવ કરવા અને જર્નલ્સ લખવા જેવા માધ્યમોનો પ્રયોગ કરે છે. તે ઉપરાંત બાળકોમાં આ શિક્ષણ વ્યવસ્થા દ્વારા પાંગરતી કુંઠા અને ઈર્ષ્યાને કારણે શિક્ષણનાં મંદિરોમાં હિંસાની ઘટનાઓ પણ કોઈથી છૂપી નથી. વાસ્તવમાં બાળકો ઉપર આ માનસિક દબાણ માટે આ શિક્ષણ પ્રણાલીની સાથે સાથે પરિવાર અને સમાજનો પ્રતિસ્પર્ધી માહોલ પણ ઓછો દોષી નથી. ભારતીય સામાજિક માળખામાં આવી રહેલા અલગતા, સંયુક્ત પરિવાર પ્રણાલીનું વિખંડન, નગરોમાં મા-બાપ બંને કામકાજી હોવા જેવાં કારણોથી બાળકો પરિવારોમાં સતત ઉપેક્ષાનો શિકાર થઈ રહ્યાં છે. પહેલાં સંયુક્ત પરિવારોમાં દાદા-દાદી, નાના-નાની અને પરિવારના અન્ય મોટા સદસ્ય બાળકોમાં આ પ્રકારના બાહ્ય દબાણને સહન કરવામાં તેમના માટે 'શોક એબ્ઝોર્બર'ની ભૂમિકા નિભાવતા હતા. સાથે જ બાળકો સમક્ષ ભણતર જેવા દબાણ સાથે સંકળાયેલ વિષમ પરિસ્થિતિઓને સંભાળી લેતા હતા, પરંતુ હાલમાં એકલ પરિવાર બાળકોમાં પાંગરી રહેલ માનસિક દબાણના આ મનોવિજ્ઞાનને સંભાળવામાં અસમર્થ દેખાઈ રહ્યા છે. તેઓ બાળકોને સંવેદનાપૂર્ણ સંરક્ષણ નથી આપી શકતા. કોરોના બાદ તો સ્થિતિ ઓર બગડી છે. આજે સ્થિતિ એ જ છે કે, બાળકોની શારીરિક અને માનસિક સ્થિતિને જાણ્યા-સમજ્યા વિના મા-બાપનું ધ્યાન પરીક્ષા અથવા પ્રતિયોગિતામાં બાળકોના પ્રોગ્રેસિવ રિપોર્ટ ઉપર રહે છે. આ સંદર્ભે સામાન્ય અવલોકન એ છે કે, બાળકો જો પરીક્ષામાં બહેતર નથી કરી શકતા તો મા-બાપ બાળકો પ્રત્યે ઉપેક્ષાનો ભાવ રાખવા લાગે છે. ઉપેક્ષાનો આ જ ભાવ ધીમે ધીમે બાળકોને ઊંડા અવસાદમાં ધકેલી દે છે. મનોચિકિત્સકોનું પણ માનવું છે કે, આત્મહત્યા તરફ દોરાતા બાળકો ઊંડા અવસાદના શિકાર હોય છે. આ અવસાદ કોઈ અસફળતા, અણધારી ઘટના અથવા ટોપર બનવાના સિન્ડ્રોમ સાથે જોડાયેલો હોય છે. નિરંતર સતામણી બાળકોને ઊંડા અવસાદ અને નિરાશા સાથે જોડાયેલી હીનભાવના તરફ લઈ જાય છે. યોગ્ય અર્થમાં પરિવાર, સ્કૂલ અને સમાજમાં બાળકો સાથે નિરંતર સંવાદનો અભાવ તેમને ખુદને દબાણથી મુક્ત નથી કરી શકતા. આજે ૨૧મી સદીના વૈશ્વિક દોરમાં કારકિર્દીને લઈને ગળાકાપ સ્પર્ધા છે, ત્યાં આપણે હજુ આપણા વિદ્યાર્થીઓને આ શિક્ષણ પધ્ધતિથી પેદા થનારા તણાવથી બહાર પણ નથી કાઢી શકતા. આ જ કારણ છે જયારે પરીક્ષાઓ શરૂ થાય છે તો વિદ્યાર્થીઓ ઉપર વધતા તણાવના સમાચારો ચમકવા લાગેછે. હવે આ શિક્ષણ પધ્ધતિ સામે સૌથી મોટો સવાલ એ છે કે, એવો અભ્યાસક્રમ બને જે વિદ્યાર્થીઓના સ્વભાવને અનુકૂળ હોય અને જે તેમની અનુકૂળતાના આધાર ઉપર તેમનામાં કૌશલ વિકસિત કરતાં તેમની કારકિર્દીનું નિર્માણ કરે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેટલાય અવસરે કહ્યું છે કે, બાળકો ભવિષ્યનાં વટવૃક્ષ છે અને જો હવે તેમના વ્યક્તિત્વનો તણાવ રહિત માર્ગ તૈયાર નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં આપણે ક્યાંથી દેશ અને સમાજનું સંચાલન કરનારા સારા લોકો મળશે ? આશા છે કે, નવી શિક્ષણ નીતિના વિધિવત રૂપથી લાગુ થયા બાદ શાળામાં અભ્યાસક્રમ ભણાવવાની સાથે સાથે બાળકની અંતર્નિહિત શક્તિઓને વિકસિત કરવાના સઘન પ્રયાસ કરવામાં આવશે. અસલમાં ભારતમાં શિક્ષણ જ્ઞાનની પ્રતિષ્ઠા અને જ્ઞાનની વ્યવસ્થા સાથે સીધું સંબંધિત રહ્યું છે. ખરૂ પણ છે કે, ભારતમાં શિક્ષણ વ્યવસાય, અર્થોપાર્જન અને પદ-પ્રતિષ્ઠાથી અલગ જઈને જીવન સાથે સીધું જોડાયેલું રહ્યું છે. એ જ કારણ છે કે, અહીં શિક્ષણ વિદ્યાલયની સીમાથી બહાર આવીને બાળકના સંપૂર્ણ જીવન સાથે એક સામંજસ્ય બનાવતું રહ્યું છે, પરંતુ ગત દિવસોમાં આ સામંજસ્ય ડગમગ્યું છે. તેના માટે જરૂરી છે કે, શિક્ષણ દીનદયાલ ઉપાધ્યાયના પંચકોશીય આયામો -શરીર, પ્રાણ, મન, બુધ્ધિ અને આત્મા સાથે જોડાય. શિક્ષણનું આ જ સ્વરૂપ બાળકના વિરાટ વ્યક્તિત્વનું નિર્માણ કરવાની સાથે જ વર્તમાન આધુનિક વૈશ્વિક સમસ્યાઓનું નિદાન પણ કરશે. આપણે અવિલંબ બાળકો વચ્ચે રહીને બાળકોને સમજવા અને જાણવાનું શરૂ કરી દેવું જોઈએ, ત્યારે જ આપણે તેમને યોગ્ય રીતે ઘડી શકીશું. આજ બાળકો સાથે આપણા સંબંધોની કસોટી છે. અહીંથી જ તેમના રચનાત્મક જીવન અને ભયમુક્ત વ્યક્તિત્વના નિર્માણની આધારશિલા તૈયાર થશે.

# નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ગુનાખોરીમાં ઘટાડો નોંધાયો

### મહિલાઓ વિરૂદ્ધના ગુનામાં ગુજરાતનો ક્રાઈમ રેટ ૨૨.૧, જે ઓલ ઈન્ડિયા ક્રાઈમ રેટ ૬૪.૫ કરતા ઘણો ઓછો : હિંસાત્મક ગુનાઓમાં ક્રાઈમ રેટ(૧૧.૯)એ દેશના ક્રાઈમ રેટ(૩૦.૨) કરતા ઓછો : અપહરણના કિસ્સાઓમાં પાંચ વર્ષના ક્રાઈમ રેટમાં સતત ઘટાડો નોંધાયો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૭

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો(NCRB) દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુના સંબંધિત માહિતી એકઠી કરીને દર વર્ષે 'ક્રાઈમ ઈન ઈન્ડિયા' નામની પુસ્તિક બહાર પાડવામાં આવે છે. તેમાં એક લાખની વસ્તી સામે કેટલા ગુના નોંધાય છે, તે ગુનાનો દર (ક્રાઈમ રેટ) જણાવવામાં આવે છે. 'ક્રાઈમ ઈન ઈન્ડિયા ૨૦૨૧'ના આંકડાં અનુસાર, ગુજરાતમાં વિવિધ પ્રકારના ગુનામાં રાષ્ટ્રીય આંકડાની સરખામણીએ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તેની પાછળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા લેવામાં આવેલા નોંધપાત્ર કાયદા સુધારા અને મક્કમ નેતૃત્વ કારણભૂત છે. હિંસાત્મક ગુનાઓ, જેવા કે હત્યા, હત્યાનો પ્રયત્ન, બળાત્કાર, અપહરણ, લૂંટ વગેરે ગુનાઓમાં ગુજરાતનો ક્રાઈમ રેટ ૧૧.૯ છે, જે સમગ્ર દેશના ક્રાઈમ રેટ ૩૦.૨ કરતા ઘણો ઓછો છે. તે સિવાય વર્ષ ૨૦૨૧માં ગુજરાતમાં ખૂનનો ક્રાઈમ રેટ ૧.૪ છે, જે ઓલ ઈન્ડિયા ક્રાઈમ રેટ ૨.૧ કરતા ઓછો છે. અપહરણના ગુનાઓનો ક્રાઈમ રેટ ગુજરાતમાં ૨.૩ છે, જે ઓલ ઈન્ડિયાના ક્રાઈમ રેટ ૭.૪ કરતા ઓછો છે. ગુજરાતમાં અપહરણના ગુનાના ક્રાઈમ રેટનો ટ્રેન્ડ જોઈએ, તો પાછલા વર્ષોની સરખામણીએ સતત ઘટાડો નોંધાયો છે. તેના આંકડા આ પ્રમાણે છે- ૨૦૧૮ (૩.૦), ૨૦૧૯ (૨.૭) અને ૨૦૨૧ (૨.૩). મહિલાઓ વિરૂદ્ધના ગુનામાં ગુજરાતનો ક્રાઈમ રેટ ૨૨.૧ છે, જે ઓલ ઈન્ડિયા ક્રાઈમ રેટ ૬૪.૫ કરતા ઘણો ઓછો છે. અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોર જેવા કે આસામ (૧૬૮.૩), દિલ્હી (૧૪૭.૬), તેલંગાણા (૧૧૯.૭), રાજસ્થાન (૧૦૫.૪), પશ્ચિમ બંગાળ (૭૪.૬), કેરળ (૭૩.૩) અને આંધ્રપ્રદેશ (૬૭.૨)ની સરખામણીએ ગુજરાતમાં મહિલા વિરૂદ્ધના ગુનાઓનો દર ખૂબ જ ઓછો છે. બીજો એક નોંધપાત્ર સુધારો શરીર વિરૂદ્ધના ગુનાઓ (ખૂન, ખૂનનો પ્રયત્ન, ગંભીર ઈજા, બળાત્કાર વગેરે)માં ઓલ ઈન્ડિયા ક્રાઈમ રેટ ૮૦.૫ની સરખામણીએ ગુજરાતનો ક્રાઈમરેટ ૨૮.૬ રહ્યો છે. આ ગુનાના ક્રાઈમ રેટમાં કુલ ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત ૩૧મા ક્રમાંકે છે. ચોરીના ગુનામાં ગુજરાતનો ક્રાઈમ રેટ ૧૫.૨ છે, જે ઓલ ઈન્ડિયા ક્રાઈમ રેટ ૪૨.૯ કરતા ઘણો ઓછો છે. યાદીમાં ગુજરાત ૨૭માં ક્રમાંકે છે.

**કાયદા સુધારા અને ટેક્નોલોજીનો ઉપયોગથી પરિણામ**

રાજ્યમાં નવા કાયદાઓ ઘડવામાં આવ્યા છે અને જૂના કાયદાઓમાં સુધારા કરવામાં આવ્યા છે. GUJCTOC, જમીન પચાવી પાડવા વિરૂદ્ધના કાયદા, ક્રિમિનલ અમેન્ડમેન્ટ એક્ટમાં ફાંસીની સજા સુધીની જોગવાઈ, ચેઈન સ્નેચિંગ, હ્યુમન ટ્રાફિકીંગ વગેરે જેવા કાયદાઓમાં સજાના ધોરણોમાં વધારો વગેરેને કારણે ગુનેગારોમાં ભય વધ્યો છે, જેના પરિણામે ગુનાઓમાં ઘટાડો થયો છે. તે સિવાય પોલીસ વિભાગ દ્વારા ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ તમામ જિલ્લાઓમાં ૭ હજારથી વધુ સીસીટીવી કેમેરા કાર્યરત છે. ૪૧ શહેરોમાં વાહનચાલકોને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ ઈ-ચલણ ઈશ્યૂ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તે સિવાય પોકેટકોપ, ઈ-ગુજકોપ, ડ્રોન કેમેરાના ઉપયોગથી અને ૧૦૯૧ મહિલા હેલ્પલાઈન, ૧૮૧ અભયમ હેલ્પલાઈન, ૧૦૯૬ જીવન આસ્થા હેલ્પલાઈન, ૧૦૦ પોલીસ હેલ્પલાઈન અને ૧૦૯૫ ટ્રાફિક હેલ્પલાઈન દ્વારા નાગરિકોની સુવિધામાં વધારો થયો છે અને ગુનાઓને નાથવામાં સહાયતા મળી છે.

## આરોગ્યક્ષેત્રે ગુજરાતનું '૧૦૮' સફળ મોડલ

# ૧૦૮ ઈમરજન્સી સર્વિસ દ્વારા ઓગસ્ટ-૨૦૨૨ સુધીમાં રેકોર્ડ બ્રેક ૧.૩૮ કરોડથી વધુ કોલ એટેન્ડ કરાયા

### ૧૧૦૦ ટેલિ મેડિસિન હેલ્પલાઈનનો કુલ ૪.૧૭ લાખથી વધુ નાગરિકોએ લાભ લીધો : જ્યારે ૪૬૦ ફરતા પશુ દવાખાના દ્વારા કુલ ૬૯.૮૪ લાખથી વધુ પશુઓને સારવાર : ૧૦૮ના કર્મીઓને ઈજાગ્રસ્તો પાસેથી મળેલી અંદાજે રૂા.૧૦ લાખની કિંમતની વસ્તુઓ-રોકડ પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ રજૂ કર્યુ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૭

તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તા.૨૯ ઓગસ્ટ-૨૦૦૭ના રોજ ગુજરાતમાં સૌ પ્રથમ શરૂ થયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સર્વિસ આજે અન્ય રાજ્યો માટે પથદર્શક-આદર્શ મોડલ સાબિત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતના દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સર્વિસ ૨૪૮૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે જે ગુજરાતના કરોડો નાગરિકો માટે આશિર્વાદ સમાન છે. ગુજરાતમાં આરોગ્ય સેવા ક્ષેત્રે કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સર્વિસ દ્વારા ઓગસ્ટ-૨૦૨૨ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧,૩૮,૭૧,૪૧૮ ઈમરજન્સી કોલ સફળતાપૂર્વક એટેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત પ્રસૂતિ સંબંધી ૪૭,૧૯,૧૪૧ સેવાઓ, માર્ગ અકસ્માતના કિસ્સામાં ૧૭,૧૭,૦૮૫, તેમજ જીવ બચાવવા સંબંધી ૧૨,૮૦,૨૪૨ સેવાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે એમ્બ્યુલન્સમાં-સ્થળ ઉપર કુલ ૧.૨૧ લાખથી વધુની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે. ગુજરાતના અમરેલી, બનાસકાંઠા, દેવભૂમિદ્વારકા, જામનગર, વલસાડ અને અમદાવાદ જિલ્લાના ૧૦૮ના ઈમરજન્સી મેડિકલ ટેકનિસિયન્સ-EMTs અને પાયલોટે ઈજાગ્રસ્તો પાસેથી મળેલી અંદાજે રૂા.૧૦ લાખની કિંમતની વસ્તુઓ-રોકડ પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ રજૂ કર્યુ છે. GVK દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવા ઉપરાંત ગુજરાતમાં અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત ગુજરાતભરમાં સપ્ટેમ્બર-૨૦૧ રથી કાર્યરત ૪૬૭ ખિલખિલાટ વાનનો ૭૫.૧૬ લાખથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટમાં કાર્યરત ૧૪૮ વાન થકી ૧.૭૪ કરોડથી વધુ નાગરિકોને લાભ લીધો છે. માર્ચ-૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૦.૫૮ લાખથી વધુ કોલ એટેન્ડ તેમજ ૪૭ વાન દ્વારા ૨.૧૫ લાખથી વધુ મહિલાઓને સ્થળ ઉપર જરૂરી મદદ કરવામાં આવી છે. ગુજરાતમાં ઓક્ટોબર-૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા કુલ ૬૬.૪૪ લાખ કોલ એટેન્ડ કરાઈને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું છે. મે-૨૦૧૮માં ગુજરાતમાં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૫૩૪ નાગરિકોને બચાવવામાં આવ્યા છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવારત છે. રાજ્યના ૮ જિલ્લાઓમાં ફેબ્રુઆરી-૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૧.૧૨ કરોડથી વધુ ઈમરજન્સી કોલ, પોલીસ ઈમરજન્સી, ફાયર ઈમરજન્સી, મેડીકલ ઈમરજન્સી અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. ૧૦૮ દ્વારા ગુજરાતમાં નવતર પહેલના ભાગરૂપે માર્ચ-૨૦૨૦માં ૧૧૦૦ ટેલિ મેડિસિન એટલે કે ઘરે બેઠા ટેલિફોન ઉપર ડોક્ટરનું માર્ગદર્શન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો જેમાં તબીબી સલાહ, કાઉન્સેલીંગ, કોવિડ-૧૯ અને વિવિધ આરોગ્ય સંબંધિ સેવાઓ માટે કુલ ૪.૧૭ લાખથી વધુ કોલ તબીબી ટીમ દ્વારા સફળતાપૂર્વક એટેન્ડ કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જીવદયાને વરેલી ગુજરાત સરકાર દ્વારા સૌ પ્રથમ ઓક્ટોબર-૨૦૧૭માં ૧૯૬૨ એનિમલ ઈમરજન્સી સેવા શરૂ કરવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં કુલ ૨૪.૫૯ લાખથી વધુ કોલ તેમજ ૩૭ વાન દ્વારા રાજ્યભરમાં ૪.૩૮ લાખ પશુઓને સ્થળ પર સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત જૂન-૨૦૨૦માં ગુજરાતમાં સૌ પ્રથમ ફરતા પશુ દવાખાનાની સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેમાં ૪૬૦ ફરતા પશુ દવાખાના દ્વારા કુલ ૬૯.૮૪ લાખથી વધુ પશુઓને વિવિધ સ્વરૂપે ઈમરજન્સી સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દીવ-દમણમાં છેલ્લા ૧૦ વર્ષથી સફળતાપૂર્વક સેવાઓ આપવામાં આવી રહી છે જેમાં જૂન-૨૦૨૨ સુધીમાં ૩.૪૫ લાખથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. ગુજરાતભરમાં ૧૦૮ની ટીમ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ યોગ દિવસ, નેશનલ ડોક્ટર્સ ડે જેવા મહત્વના દિવસો ઉજવીને સતત લોકજાગૃતિના કાર્યો કરવામાં આવે છે. આ સિવાય ૨૪ કલાક નાગરિકોની સેવામાં કાર્યરત ઈમરજન્સી મેડિકલ ટેકનિસિયન્સ-EMTs, પાયલોટ અને સમગ્ર ૧૦૮ના કર્મીઓને તેમની શ્રેષ્ઠ કામગીરીની કદર કરીને અમદાવાદ ખાતે કાર્યરત ૧૦૮ની ટીમ દ્વારા વિવિધ સન્માન આપી બિરદાવવામાં આવે છે તેમ ૧૦૮ના ચિફ ઓપરેટીંગ ઓફિસર જશવંત પ્રજાપતિની યાદીમાં જણાવાયું છે.

# માહીએ વર્લ્ડ ડેરી સમિટમાં ગીર ગાયનું ઘી 'ગીર અમૃત લોન્ચ' કર્યુ



### ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકા અને વંદનીય સોમનાથ ભૂમિના વિસ્તારના એક લાખથી વધુ દૂધ ઉત્પાદકોની સંસ્થા

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૧૭

કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ દ્વારકા અને સોમનાથની પાવનભૂમિના એક લાખથી વધુ દૂધ ઉત્પાદકોની માલિકીની સંસ્થા માહી દ્વારા ગીર વિસ્તારની ગાયના દૂધમાંથી બનાવેલ પ્રીમિયમ ઘી-ગીર અમૃત વર્લ્ડ ડેરી સમિટ-૨૦૨૨માં લોન્ચ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્લ્ડ ડેરી સમિટનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગીર હોલ, ઈન્ડીયા એકસ્પો સેન્ટર, ગ્રેટર નોઈડાથી ૧૨ સપ્ટેમ્બરના રોજ કર્યુ હતું. ભારતીય પશુઓની જાતિ સૌથી મુશ્કેલ હવામાનમાં ટકી રહેવા માટે જાણીતી છે અને તે વિશ્વના ડેરી તજજ્ઞો માટે કેસ સ્ટડી બની શકે તેમ છે તેમ વર્લ્ડ ડેરી સમિટમાં ઉદબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. યોગાનું યોગ છે કે, ખેડૂતોની સંસ્થા માહી હાલ આ વિસ્તારના પશુપાલકો પાસેથી મહત્તમ દૂધ એકત્રિત કરે છે. આ સદીની શરૂઆતમાં આવેલા ભયાનક ધરતીકંપથી બરબાદ થયેલ સૌરાષ્ટ્ર અને કચ્છના ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થા - માહીએ મહત્વની ભૂમિકા ભજવી છે. માહી ગુજરાત રાજયના ૧૧ જિલ્લાઓના એક લાખથી વધુ દૂધ ઉત્પાદકો પાસેથી દૈનિક ૭ લાખ લિટરથી વધુ દૂધનું સંપાદન કરી સમગ્ર રાજ્ય અને ઓનલાઈન ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપર દૂધ અને તેના ઉત્પાદનોનું વેંચાણ કરે છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન મીનેશ શાહે માહીના દૂધ ઉત્પાદકોની ભૂમિકાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ સંસ્થાના દૂધ ઉત્પાદકોને ભગવાન શ્રી કૃષ્ણના આશિર્વાદ છે અને તેમના નિષ્ઠાવાન પ્રયાસોથી ગુજરાત રાજયમાં સંસ્થાએ પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. ગીર અમૃત એ ગીર વિસ્તારની ગાયના દૂધમાંથી બનાવેલ પ્રીમિયમ ઘી છે જે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને તેની પેટા કંપની એનડીડીબી ડેરી સર્વિસીસના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવ્યું છે. તેમ જણાવતા માહીના ચેરમેન મહેન્દ્રસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, કોવિડના રોગચાળાના મુશ્કેલ તબક્કા દરમ્યાન વહીવટી તંત્રને સહયોગ આપવા મોબાઈલ એપ તૈયાર કરી રાજકોટમાં શહેરીજનોને ઘરબેઠા દૂધ અને તેના ઉત્પાદનો પહોંચાડવામાં આવ્યા હતા. માહીના ચીફ એક્ઝિક્યુટિવ ડો. સંજય ગોવાણીએ જણાવ્યું હતું કે, વન્યજીવ પ્રેમીઓ માટેનું લોકપ્રિય સ્થળ અને એશિયાટીક લાયન્સની પ્રજાતિ માટેનું એકમાત્ર સ્થળ ગીર કે જે વિશ્વવિખ્યાત કેસર કેરી માટે પણ જાણીતું છે તે વિસ્તારની ગાયના ખાસ અલગ કરાયેલા દૂધમાંથી આ પ્રકારનું પ્રથમ પ્રીમિયમ ઘી - ગીર અમૃત બનાવવામાં આવ્યું છે. આ નવી લોન્ચ કરાયેલ પ્રોડકટ માહી પ્રીમિયમ કાઉ ઘી - ગીર અમૃત ૫૦૦ મિલી અને ૧ લિટરના આકર્ષક પેકેજીંગમાં ઉપલબ્ધ હશે. જેની અનુક્રમે કિંમત રૂપિયા ૪૯૫ અને રૂપિયા ૯૬૦ રાખવામાં આવી છે. ઈ-કોમર્સના પ્લેટફોર્મની મદદ વડે સમગ્ર દેશમાં આ પ્રોડકટ ઉપલબ્ધ બનાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીને સફળતાપૂર્વક પોતાની આગવી ઓળખ ઉભી કરવા બદલ અભિનંદન આપતા એનડીએસના મેનેજિંગ ડિરેકટર સૌગતા મિત્રાએ જણાવ્યું હતું કે, દેશભરના દૂધ ઉત્પાદકો માટે આ સંસ્થા પ્રેરણારૂપ છે. તેઓ પણ માહીની જેમ સંગઠિત થઈને પોતાની કાયદાકીય ઓળખ ઉભી કરી શકે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કષ્ટને સહન કરવાથી જ અનુભવની પ્રાપ્તિ થાય છે.

- ગાંધીજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.અર્દીબહેસ્ત-૧૩૯૨, મુ. સફર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, ભાદરવા વદ-૭ કાલાષ્ટમી, વિશ્વકર્માપૂજા (બંગાળ), મુ. ચેહલમ તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨, શનિવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૨૦, રોહિણી નક્ષત્ર, સિધ્ધીયોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૬:૫૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), રાત્રે ૧:૪૬ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સાફળતા મળે.

વૃષભ: મનની ઈચ્છા ફળે. મહત્વના કાર્યમાં પ્રગતિ થાય.

મિથુન: વાહનથી સંભાળવું હિતાવહ. નવિન આર્થિક લાભ મળે.

કર્ક : પ્રિયજનથી વિરહ રહે. ધંધાના કાર્યોમાં સાફળતા મળે.

સિંહ: વ્યર્થ માનસિક ચિંતા સતાવે. ઉચ્ચાટ ભર્યો દિવસ વ્યતિત થાય.

કન્યા : કૌટુંબિક કાર્યોમાં સફળતા મળે. યશ, માન, કીર્તિ મળે.

તુલા : માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય. મહત્વના પ્રશ્નોનો નિકાલ થાય.

વૃશ્ચિક : રોકાયેલા નાણાં છૂટા થાય. મકાન-જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે.

ધન : જીવનસાથીના સહકારથી કાર્યમાં સફળતા મળે. નવિન તક સાંપડે.

મકર : સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું લાગે, વ્યર્થ ભાગ-દોડ કરવી પડે.

કુંભ : ધન હાનિના યોગ હોઈ સાંભાળવું. પ્રવાસમાં નિષ્ફળતા મળે.

મીન : ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.

# વોકહાર્ટ હોસ્પિટલ ગ્રુપ દ્વારા દર્દી સુરક્ષા સપ્તાહ ૨૦૨૨ની ઉજવણી



(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૧૭

ભારતની પ્રખ્યાત સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલોની પ્રતિષ્ઠિત સાંકળ ધરાવતી વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા તેમની નાગપુર, રાજકોટ, મુંબઈ સેન્ટ્રલ(દક્ષિણ મુંબઈ) અને મીરા રોડ, મુંબઈ ખાતે આવેલ હોસ્પિટલમાં દર્દીને ઉચ્ચ ગુણવત્તા સભર સુવિધા પુરી પાડવા માટે પેશન્ટ સલામતી સપ્તાહનું આયોજન કરવામાં આવેલ. આ સપ્તાહ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય દર્દીની ઉચ્ચ ગુણવત્તા સભર સારવાર અને નિદાન સલામતી સાથે આપવાનો છે. વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા ડબલ્યુએચઓએ આપેલ ઘણાખરા મુદાઓ આવરી લેવામાં આવ્યા છે. જેમાં આ વર્ષનો વિશેષ વિષય છે "નુકશાન વિનાની સારવાર". આ ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર ચાલનારા ત્રણ દિવસીય પેશન્ટ સલામતી સપ્તાહનું ઉદઘાટન વોકહાર્ટ હોસ્પિટલસ ગ્રુપના મેનેજીંગ ડીરેક્ટર ઝહાબીયા ખોરાકીવાલા દ્વારા કરવામાં આવેલ હતું. તેમણે જણાવેલ હતું કે, રોગને અટકાવવો એ તેના ઈલાજ કરતા વધુ ફાયદા કારક છે તથા અસુરક્ષિત આરોગ્ય સંભાળ એ સમગ્ર આરોગ્ય ક્ષેત્ર માટે સૌથી નુકશાન કારક અને પડકારરૂપ પરિબળ છે. અમો ગુણવત્તાયુકત અને સલામત સંભાળ ૨૪X૭૫ હોંચાડવામાં માનીએ છીએ. આ ત્રણ દિવસ દરમ્યાન અવનવી પ્રવૃત્તિઓ તથા દર્દીની સલામતી માટેની રમત ગમત જેવી કે અગ્નિસામકની તાલીમ તથા સલામતી વિષેનું માર્ગદર્શન અને તેના મુલ્યાંકન માટેનું આયોજન કરેલ. આ ઉપરાંત સ્ટાફ, પેશન્ટ અને તેમના સગા માટે પ્રશ્નોતરી, સ્લોગન સ્પર્ધા તથા પેશન્ટ સલામતી માટેનો વિડીયો વગેરે કાર્યક્રમનું આયોજન કરેલ. આ કાર્યક્રમમાં હોસ્પિટલના તમામ સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. વોકહાર્ટ હોસ્પિટલ ગ્રુપના કિલનિકલ ડાયરેકટર તથા ચીફ ઓપરેટીંગ ઓફિસર ડો. કલાઈવ ફર્નાન્ડીઝે જણાવેલ હતું કે, પેશન્ટની સલામતી અમારો પ્રાથમિક ધ્યેય છે. દર્દીનું નિદાન અને સારવાર અમો દર્દીની સલામતીને ધ્યાનમાં રાખીને જ કરીએ છીએ. અમો આ પ્રકારના પેશન્ટ સલામતીના કાર્યક્રમો નિયમિત અને વારંવાર કરીએ છીએ જેથી સ્ટાફમાં પેશન્ટ સલામતી વિષે જાગૃતિ જળવાઈ રહે. વોકહાર્ટ હોસ્પિટલ એ એક એવી હોસ્પિટલની શ્રૃંખલા છે જયાં દર્દીની સારવાર અને નિદાન સાથે સલામતીને પ્રાથમિકતા આપવામાં આવે છે જેથી દર્દીને ગુણવત્તા સભર સારવાર મળી રહે.

### ચેન્નાઈના આવડી એરબેઝ ઉપર

# કોડીનારના દુદાના ગામના એરફોર્સના જવાને સર્વિસ રિવોલ્વરથી ખુદને ગોળી મારી આત્મહત્યા કરતા ચકચાર



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૭

કોડીનાર તાલુકાના દુદાના ગામના એર ફોર્સમાં ફરજ બજાવતા ૨૨ વર્ષીય આશાસ્પદ યુવકે કોઈપણ કારણોસર ચેન્નાઈના આવડી એરફોર્સ બેઝ ઉપર પોતાની સર્વિસ રિવોલ્વરથી ખુદને ગોળી મારી આત્મ હત્યા કરી લેતા આ બનાવથી સમગ્ર કોડીનાર તાલુકામાં ઘેરા શોક સાથે આઘાતની લાગણી ફેલાઈ છે.

આ અંગેની વિગત મુજબ ચેન્નાઈ ખાતે ઈન્ડીયન એર ફોર્સમાં ફરજ બજાવતા કોડીનાર તાલુકાના દુદાના ગામના નિરવસિંહ ચોહાણએ ચેન્નાઈના આવડી એરનેઝ ઉપર ગુરૂવારે સવારે લગભગ ૪ વાગ્યાની આસપાસ તેણે પોતાના સર્વિસ વેપનથી પોતાને ગોળી મારી આત્મ હત્યા કરતાં એરફોર્સ અધિકારીઓએ આત્મ હત્યાના કારણો અંગે તપાસ હાથ ધરી છે. નિરવસિંહ ચોહનાએ ખુદને ગોળી મારતા ગોળી ચાલવાનું આવાઝ આવતા અન્ય અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવતા નિરવસિંહ લોહીલુહાણ હાલતમાં ફર્શ ઉપર પડ્યો હોય તાત્કાલિક હોસ્પિટલ ખસેડાતા ત્યાં ફરજ ઉપરના ડોકટરે નિરવને મૃત જાહેર કરતાં પોલીસે મૃતદેહને પી.એમ.માટે ખસેડી આત્મ હત્યા અંગે સઘન તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રાથમિક માહિતી મુજબ નિરવસિંહ ચોહાણ ઉચ્ચ અધિકારી બનાવ માંગતા હોય તેની તૈયારી માટે ડ્યુટી માં ટાઈમ આપી શકતા ન હોય તેના તણાવમાં આવી આત્મ હત્યા કરી હોવાનું પોલીસ પ્રાથમિક અનુમાન લગાવી રહી છે. મૃતક એરફોર્સ જવાનનો મૃતદેહ આવતીકાલે સવારે તેમના માદરે વતન આવતા સવારે ૧૦ કલાકે તેમના નિવાસ્થાનેથી શહીદ યાત્રા સ્વરૂપે અંતિમ વિદાઈ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# સુત્રાપાડા મામલતદાર કચેરીના આઉટસોર્સ કર્મીઓએ પગાર સહિતના પ્રશ્નોએ હડતાળની ચીમકી આપી

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા. ૧૭

તાલાળા મામલતદાર કચેરીમાં સેવા આપતા આઉટસોર્સ સેવકોને આપવામાં આવતા પગાર અનિયમીત થતા તમામ કર્મચારીઓએ કામગીરીનો બહિષ્કાર કરતા અરજદારોની કામગીરી ખોરવાઈ ગઈ છે. આઉટ સોર્સ સેવકોએ તાલાળા મામલતદારને આવેદનપત્ર આપી જયાં સુધી બાકી પગાર ચુકવવામાં આવશે નહીં અનો હવેથી સરકારની સુચના પ્રમાણે એજન્સી કર્મચારીઓની નિયમીત પગાર ચુકવવાની ખાત્રી આપશે નહીં ત્યાં સુધી કામગીરીનો બહિષ્કાર કરી દીધો છે.

આઉટ સોર્સ સેવકોએ જણાવ્યું છે કે, એજન્સી તરફથી મામુલી વેતન આપવામાં આવે છે અને તે પણ લાંબા સમયથી નિયમીત ચુકવવા એજન્સી ગલ્લા તલ્લા કરતી હોય, વારંવાર રજુઆતો કરવામાં આવે છે છતાં ન્યાય આપવામાં આવતો નથી. જેથી મામલતદારને આવેદનપત્ર આપી આઉટસોર્સ સેવકોએ વહીવટી તમામ કામગીરીનો સામુહીક બહિષ્કાર કર્યો છે.

# રાજયમાં ડિઝલના વધતા ભાવોથી માછીમારી વ્યવસાય ટકાવવો મુશ્કેલ હોય કાબુમાં કરવા ઉઠતી માંગ

## માછીમારોના અનેક પ્રશ્નોને લઈ ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ માછીમાર આગેવાનો સાથે બેઠક કરી પરિસ્થિતિ જાણી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળતા. ૧૭

તાજેતરમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ તેમના નિવાસ સ્થાને માછીમાર આગેવાનો સાથે મુલાકાત બેઠક કરીહતી. જેમાં રાજ્યના ઓખાથી ઉંમરગાવ સુધીની દરિયાઈ પટ્ટીના માછીમાર સમાજના પ્રતિનીધી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મત્સ્યોદ્યોગ અને માછીમારોને કનડગત કરતા અનેક પ્રશ્નોની રજુઆતો કરતા તેના ઉકેલ માટે ચર્ચા વિચારણા થઈ હતી. આ બેઠકમાં ખાસ છેલ્લા ત્રણેક વર્ષમાં ઉપરા છાપરી આવેલ કુદરતી આફતોના કારણે માછીમારો આર્થીક અને વ્યાવસાયિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોય તેને બહાર લાવવા રજુઆતો થઈ હતી. આ બેઠક અંગે ભારતીય ફીશરમેન એસો.ના પ્રમુખ તુલસીભાઈ ગોહેલે જણાવેલ કે, માછીમારોના અનેક પ્રશ્નોની રજૂઆત કરેલ જેમાં ખાસ કરીને ડીઝલના વધતા ભાવોની સામે માછીમારોને વ્યવસાય ટકાવી રાખવા માટે ૧૦૦ ટકા વેરા મુકત ડીઝલ અને ખરીદી સમયે જ વેરાની રકમ બાદ થાય તેવી સુવિધા આપવી, નાની હોડીઓમાં વપરાતા કેરોસીન પેટ્રોલ વગેરેના વાર્ષિક કવોટા વધારવા, મંડળીઓ સંચાલીત ડીઝલ પંપો દ્વારા રીટેલર (મુકત બજાર) ના પંપ કરતા રૂા.૩.૭૫ ની રકમ વધુ વસુલાય છે તથા બીપીસીએલ દ્વારા રૂા.૪.૦૫ ડીસ્કાઉન્ટ પ્રાઈઝ ભાવે ટેન્ડરીંગ કરવામાં આવેલ તેનો લાભ માછીમારોને તાત્કાલીક અસરથી મળે તેવી વ્યવસ્થા કરવા, હોડીઓમાં વપરાતા કેરોસીનમાં મળતી સબસીડીની રકમ બમણી કરવા, ઓબીએમ મશીનની આગલા વર્ષોની જે સબસીડી બાકી તે વ્હેલીતકે ચુકવવા તથા રાજયના જુદા જુદા બંદરોનું નવિનીકરણ કરવા કામગીરી કરવી અને પાછલા વર્ષો જે નવા બંદરો બનાવવાના કામો રાજય સરકારએ મંજૂર કર્યા છે તેનું તાત્કાલીક કામ શરૂ કરવા માંગણી કરી છે. આ બેઠકમાં રાજયભરના બંદરોના પ્રતિનિધિઓ હાજર રહેલા જેમાં ખારવા સમાજના પટેલ કીરીટભાઈ ફોફંડી, ઉપપ્રમુખ ટી.પી. ટંડેલ, ઉંમરગાવના હીરાભાઈ ટંડેલ, માંગરોળ મંડળના પ્રમુખ દામોદરભાઈ ચાંપડીયા, બોટ એસો.ના જમનાદાસ વડુર, ગુજરાત મહામંડળ કોળી માચ્છીમાર સમાજના પ્રમુખ જેન્તીભાઈ સોલંકી, ઓખા બોટ એસો.ના પ્રમુખ મનોજ મોરી, ડીઝલપંપ એસો.ના પ્રમુખ મોહન બારીયા, ચોરવાડ ખારવા સમાજના પટેલ હરીલાલ સુકરીયા, નવાબંદરના સરપંચ સોમવારભાઈ, ભીડીયા ખારવા સમાજના બોટ એસો. ના પ્રમુખ રમેશભાઈ ડાલકી, ભીડીયા કોળી સમાજ બોટ એસો.ના પ્રમુખ લક્ષ્મીકાંત સોલંકી, જાફરબાદ બંદરના પ્રમુખ અશોકભાઈ સહિતના સાથે રહયા હતા.

# જૂનાગઢ લો કોલેજમાં 'યુવાનોમાં ફિટનેસ જાગૃતતા' સંદર્ભે કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ,તા.૧૭

રાજય સરકારના રમતગમત વિભાગ જિલ્લા કલેકટરની કચેરી તેમજ જૂનાગઢ જૂનિયર ચેમ્બર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ અને કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે ''૩૬મી નેશનલ ગેમ્સ(રાષ્ટ્રીય રમત) - ૨૦૨૨'' અંર્તગત યુવાનોમાં ફિટનેસ જાગૃતતા અન્વયે **"Celebrating Unity through Sports"** થિમ ઉપર લો કોલેજ-જૂનાગઢ ખાતે જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો. ૩૬મી નેશનલ ગેમ્સ અન્વયે યોજાયેલા 'ફિટનેસ જાગૃતિ' કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.જી. પટેલે વિદ્યાર્થીઓને રાજય સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે કરવામાં આવેલ કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. કોમર્સ કોલેજના આચાર્ય ડો. એમ.પી. ત્રાડાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. લો કોલેજના આચાર્ય ડો. પરવેઝ બ્લોચ દ્વારા રમત ગમત ક્ષેત્રમાં વર્તમાન સમયમાં ઉભી થયેલી તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. કોલેજ કેમ્પસના પીટીઆઈ ડો. પ્રફુલ કે.રાઠોડે જીવનમાં ફિટનેસનું મહત્વ તેમજ રમત-ગમતથી વ્યકિતત્વ વિકાસ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના અધ્યાપક ડો. કલ્પનાબેન રાઠોડ, ડો. સંજય ધાનાણી, મુલાકાતી વ્યાખ્યામાં મયુરીબેન ગોંધીયા સહિતના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

## દ્વારકા નજીક અકસ્માતમાં એકનું મોત

દ્વારકા તા. ૧૭

દ્વારકાનાં રૂપેણબંદર નજીક ઓખા તરફ જતાં હાઈવે રોડ ઉપર એક કાર ચાલકે હોન્ડા ચાલકને બચાવવા જતાં ડીવાઈડર ઉપર કાર ચડી જતાં કાર પલ્ટી મારતા ગમખ્વાર અકસ્માતમાં અને કારમાં બેઠેલા ડ્રાઈવર સહિત ચાર વ્યકિતઓને ઈજા થઈ હતી. અને અશોકસિંહ અજયસિંહ ઝાલાનું મૃત્યુંનિપજયું હતું.

# ગુજરાતમાં ભાજપના અઢી દાયકાના શાસનમાં મૃતપાય સ્થિતિમાં ધકેલાઈ ગયેલા મત્સ્યધોગને બહાર લાવી માછીમારોને સમૃધ્ધ કરવા કોંગ્રેસ કટીબધ્ધ



## રાજ્યના માછીમારો માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ૧૪ મુદાઓનું સંકલ્પ પત્ર જાહેર કર્યુ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળતા. ૧૭

ગુજરાતમાં ભાજપના અઢી દાયકાના શાસનમાં માછીમારોની હાલત કથળી ગયેલ છે અને મત્સ્યધોગ મૃતપાય સ્થિતિમાં પહોંચી ગયો છે. જેને ફરી ધમધમતો કરી માછીમારોને પગભર કરવાની નેમ હોવાનું કોંગ્રેસના સીનીયર ધારાસભ્ય પૂંજાભાઈ વંશ અને યુવા ધારાસભ્ય વિમલ ચુડાસમાએ માછીમારોના ઉત્કર્ષ માટે કોંગ્રેસ પક્ષના સંકલ્પ પત્રને જાહેર કરવા માટે વેરાવળમાં યોજેલ પત્રકાર પરિષદમાં જણાવી ભાજપ સરકારના શાસન ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાત વિધાનસભાની ચુંટણી નજીક આવી રહી છે એવા સમયે રાજકીય પક્ષો જુદા સમાજોને પોતાની તરફ આકર્ષવા માટે અનેક જાહેરાતો કરી રહ્યા છે. ત્યારે સૌથી લાંબો ૧૬૦૦ કીમીના રાજ્યના દરીયા કિનારે વસતા માછીમાર સમાજના લોકોને પોતાની તરફ કરવા માટે ભાજપ, આપ અને કોંગ્રેસએ કમ્મર કસી છે. જેમાં આજે કોંગ્રેસ પક્ષ દ્વારા જો તેમની સરકાર બનશે તો માછીમારોને સમૃધ્ધ બનાવવા શું કરશે તેની આવરી લેતું મુદાઓનું સંકલ્પ પત્ર જાહેર કર્યુ છે. જે અંગે વેરાવળ સર્કીટ હાઉસમાં ઉનાના ધારાસભ્ય પૂંજાભાઈ વંશ અને સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ પત્રકાર પરીષદ યોજી હતી. જેમાં માછીમાર સમાજ અને મત્સ્યધોગ માટે ૧૪ મુદાઓનું સંકલ્પ પત્ર રજુ કર્યુ હતુ. આ પરિષદમાં કોંગી ધારાસભ્ય પૂંજાભાઈ વંશએ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહાર કરતા જણાવેલ કે, આજે માછીમારો જે સુવિધાઓ થકી વ્યવસાય કરીને ગુજરાન ચલાવી રહ્યા છે તે કોંગ્રેસના શાસનની દેન છે. ભાજપ સરકારના અઢી દાયકાના શાસનમાં મત્સ્યધોગ મૃતપાય સ્થિતિમાં પહોંચી ગયો છે તો માછીમારોની હાલત કથળી ગઈ છે. ભાજપ સરકારે મત્સ્યધોગ અને માછીમારો માટે માત્ર વાતોના વડા જ કર્યા છે અને તેઓએ કરેલી જાહેરાતોની અમલવારી કરાવી શકી નથી. ત્યારે જો આગામી ૨૦૨૨ ની વિધાનસભાની ચુંટણીમાં અમારી કોંગ્રેસની સરકાર બનશે તો માછીમારોને પગભર બનાવવા અને મત્સ્યધોગ ધમધમતો કરવા કામ કરીશું. જાહેર કરેલા ૧૪ જેટલા સંકલ્પો પૈકી અમુક તો સરકાર બન્યાના એકાદ માસમાં જ અમલ કરાવીશું જયારે અમુક મુદાઓ અંગે નીતીગત નિર્ણયો લઈને વ્હેલીતકે અમલવારી કરાવવાની કટીબધ્ધ છીએ. આજની સંકલ્પ પત્ર જાહેર કરવાની પરીષદમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કરશનભાઈ બારડ, હિરેન બામરોટીયા, પક્ષના માછીમાર અગ્રણી લલીત ફોફંડી, અશ્વિન સુયાણી સહિતના હાજર રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાના બાગાયત ખેડૂતોએ કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ યોજનાનો લાભ લેવા આઇ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરી શકાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૭

વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે બાગાયતી ખેડૂતોને સહાય આપવાના કાર્યક્રમ હેઠળ કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ કાર્યક્રમ યોજના વર્ષ ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે મંજુર થયેલ છે.


આ કાર્યક્રમ હેઠળ ખેડૂતો (ઓછામાં ઓછી ૨.૦૦ હે તથા મહત્તમ ૪.૦૦ હે.) તથા ખેતી લાયક જમીન ધારણ કરેલ રજીસ્ટર્ડ ટ્રસ્ટ, **FPO,FPC,** સહકારી મંડળીના સભાસદોને (ઓછામાં ઓછી ૨.૦૦ હે તથા મહત્તમ ૫૦.૦૦ હે.) બહુવર્ષાયુ ફળઝાડ વાવેતર માટે સહાય આપવામાં આવશે તથા પિયતના સાધનો, બાગાયત યાંત્રીકરણ, બાગાયતી માળખાકીય સુવિધાઓ, વર્મીકંપોસ્ટ યુનીટ, પ્લાસ્ટીક આવરણ પૈકીના ઓછામાં ઓછા બે ઘટકમાં સહાય મળવા પાત્ર રહેશે. સદર યોજનામાં લાભ લેવા તા. ૩૧/૧૨/૨૦૨૨ સુધી **i-khedut portal** ખુલ્લુ મુકવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લાના બાગાયત ખાતાની આ યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડુતોએ **i-khedut portal (web site : www. ikhedut. gujarat.gov.in)**માં જણાવેલ સમય દરમ્યાન પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટ ઉપરથી ૭/૧૨, ૮-અ ની નકલ, હક્કપત્રક (નમુના-૬) ની નકલ, જાતિના દાખલાની નકલ (અનુ. જાતિ/ અનુ. જન જાતિના કિસ્સામાં), આધાર કાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ, પ્રોજેકટ પ્રપોઝલ જરૂરી ક્વોટેશન સાથે, રજીસ્ટ્ર્ડ ટ્રસ્ટ, **FPO,FPC,** સહકારી મંડળીના સભાસદોના કિસ્સામાં રજીસ્ટ્રેશન, હેતુ, પ્રવુતિઓ, બંધારણ, સભ્યો/ સભાસદ વિ. ને લગતા સાધનીક કાગળો તેમજ છેલ્લા ૩ વર્ષના ઓડિટ રીપોર્ટ અને જમીન તથા પાણીના ચકાસણી રીપોર્ટ સહિતના કાગળો અરજી કરવા જણાવવામાં આવે છે. આ અરજીઓ સાધનીક કાગળો સાથે નાયબ બાગાયત નિયમકની કચેરી, લઘુ કૃષિ ભવન, નિલમબાગ, જૂનાગઢ ઉપર રજુ કરવા નાયબ બગાયત નિયામક, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

## શીલ અને ચોરવાડ પંથકમાં જુગાર દરોડા

જૂનાગઢ તા.૧૭

શીલ પોલીસે ફરંગટા ગામનાં જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સોને રૂા.૧૩,૩૭૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે. જયારે ચોરવાડ પોલીસે ભોલર વિસ્તારમાંથી ૩ શખ્સોને રૂા.૧૭૧૦ની રોકડ સાથે જુગાર રમતા ઝડપી લીધેલ છે.

## ખંભાળિયાની શાળાનો વિદ્યાર્થી રૂદ્ર વામન અવતારમાં સમગ્ર દેશભરમાં છવાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૭

તપોભૂમિ હરિદ્વાર ખાતે ચાલી રહેલી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ખંભાળિયાની જાણીતી ધી પ્રેસિડેન્ટ સ્કૂલના પ્લેહાઉસ વિભાગના વિદ્યાર્થી રૂદ્રએ ભગવાન વામનના આબેહૂબ અવતાર ધારણ કરી, પોતાની બાળપ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. આ સમગ્ર પ્રસંગ લક્ષ્ય ટીવી ઉપર લાઈવ પ્રસારીત થયો હતો. લાઈવ પ્રસારણમાં સમગ્ર દેશમાં ઝળકેલા બાળ કલાકાર રૂદ્રની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા અભિનય ક્ષમતા અને બાળપ્રતિભાને હૃદયપૂર્વક બિરદાવી, અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



# જૂનાગઢના ખામધ્રોળ રોડ રીવીલ વિલ્લા પ્રેમવન પ્લોટમાં આવેલા મકાનમાંથી રોકડ દાગીનાની ચોરી કરનાર શખ્સોને ઝડપી લેતી પોલીસ




(ક્રાઈમરિપોર્ટર દ્વારા)

જૂનાગઢ,તા.૧૭

જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં તા.૫/૮/૨૦૨૨ના કલાક ૨૨:૧૫ થી તા.૬/૮/૨૦૨૨ કલાક ૬ દરમ્યાન જૂનાગઢના ખામધ્રોળ રોડ પ્રેમવન પ્લોટ નં.૪૬,૪૭રીવીલ વિલ્લા નવી આરટીઓ પાસે બનેલ છે ત્યાં અજાણ્યા આરોપીએ એક મકાનનામેન દરવાજાનો નકુચો ખોલી અને સોનાના દાગીના, રોકડસહીત રૂા.૩,૯૨ હજારની મતા ચોરી ગયા અંગેની ફરીયાદ નોધાવવામાં આવી હતી. દરમ્યાન ઘરફોડ ચોરીના બનાવને ઉકેલવા માટે જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનીરક્ષક નિલેશ જાજડીયા તેમજ જીલ્લા પોલીસ વડા રવિ તેજા સામ શેટ્ટીની સુચના અને માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એચ.આઈ. ભાટી તથા પીએસઆઈ ડી.જી. બડવા અને સ્ટાફ પ્રયત્નશીલ હતા.

આ દરમ્યાન ખાનગી રાહે તેમજ ટેકનીકલ સોરસની મદદથી એવી હકકીત મળેલ કે ઉપરોકત ચોરીના બનાવમાં મધ્યમ પ્રદેશના અને હાલ અમરેલી જીલ્લાના હરીપુર ગામે રહેતો રમેશ અજનાર તથા તેની સાથેના શખ્સો ડોવાયેલા છે તેવી બાતમીના આધારે તપાસ હાથ ધરાઈ હતી. દરમ્યાન રમેશ અજનાર અને તેના બે સાથી સાથે જામનાગર પાર્સીગના મોટર સાઈકલ ઉપર ભેંસાણ ચોકડી નજીક આટા મારે છે તેવી બાતમીના આધારે એલસીબીની ટીમે ત્યાંવોચ ગોઠવી અને રમેશ ભાગડાભાઈ અજનાર રહે. હરીપુરા, શરીફ ચોબનાભાઈ મીનાવા રહે.હરીપુર તેમજ ગુડીયા રેલસિંગ ભુરીયા રહે.હરીપુર વાળાને ઝડપી લઈ અને તેની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. આશરે દોઢક મહીના પહેલા ત્રણે શખ્સોએ તેમના અન્ય બે સાથીદાર મળી પાંચ જણા ચોરી કરવા માટે આવેલા અને આરટીઓ ઓફીસ નજીક નદી પાસે આવેલ સોસાટીમાં એક મકાનમાંથી સોનાની વીટી, ચેન તથા રૂદ્રાક્ષની માળા અને રોકડ રૂપિયાની ચોરી કરી હતી તેવી કબુલા આપી હતી. પકડાયેલા શખ્સો પાસેથી રોકડ રૂા.૭ હજાર, મોબાઈલ ફોન ત્રણ, મોટર સાયકલ વગેરે મળી કુલ રૂા.૩૮ હજારનો મુદામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી માટે જૂનાગઢ તાલુકા પોલીસને સોંપી આપેલ છે.

# ઓનલાઈન ક્રેડીટ કાર્ડ અપડેટ કરવાના બહાને તથા ઓએલએક્ષ ઉપરથી ખરીદીમાં થયેલ બેન્ક ફ્રોડમાં ગુમાવેલ રૂપિયા પરત અપાવતી પોલીસ

(ક્રાઈમરિપોર્ટર દ્વારા)

જૂનાગઢ,તા.૧૭

જૂનાગઢ જીલ્લા સાયબર ક્રાઈમ સેલ દ્વારા જીણવટભરી તપાસ હાથ ધરી અને ઓનલાઈન ક્રેડીટ કાર્ડ અપડેટ કરવાના બહાને તથા ઓએલએક્ષ ઉપરથી ખરીદીમાં બેન્ક ફ્રોડમાં ગુમાવેલા રૂા.૫૬૫૦૨ને ભોગ બનનારને પરત અપાવેલ છે. સાયબર ક્રાઈમમાં બનતા બનાવો અટકાવવા તેમજ આવા બનાવોમાં લોકોના નાણા રીફંડ થાય તેવા પ્રયત્નો કરવા જૂનાગઢ રેન્જના ઈન્ચાર્જ નાયબ પોલીસ મહાનિરીક્ષ નિલેશ જાજડીયા તથા જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીની સુચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી જૂનાગઢના પી.આઈ. એ.એમ. ગોહીલ, સાયબર સેલના પીએસઆઈ એમ.જે. કોડીયાતર અને સ્ટાફ સતત પ્રયત્નશીલ હતા. આ દરમ્યાન મેંદરડા ખાતે રહેતી એક મહિલાને ક્રેડીટ કાર્ડ અપડેટ કરવા માટે ફોન આવેલ હતો અને જો અપડેટ નહી કરાવે તો ક્રેડીટ કાર્ડ બંધ થઈ જશે તેવું કહેતા મહિલા વિશ્વાસમાં આવી જતા સામે વાળાએ લીંક મોકલેલ અને તે લીંક ઓપન કરતા તેમના મોબાઈલ ફોનમાં એનીડેસ્ક નામની સ્ક્રીન શેરીંગ એપલીકેશન ઈન્સ્ટોલ થઈ ગયેલ જેથી સામે વાળાએ તેમના ક્રેડીટ કાર્ડ મારફત કુલ રૂા.૫૯૦૦૦નું ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લીધેલ જેથી તેમણે અરજી આપેલી હતી તેમજ અન્ય એક કિસ્સામાં જૂનાગઢમાં રહેતા હાર્દીકભાઈ ગોંડલીયા નામના વ્યકિતએ ઓએલએક્ષ ઉપર એપલ કંપનીનો આઈફોન ૧૩ પીઆરઓ એમએક્ષ ખરીદી કરવા માટે ઓર્ડર આપેલ અને ઓર્ડર ફીના પૈસા ગુગલ પે મારફત ભરેલા હતા ત્યારબાદ અરજદારને ઓર્ડર એપલ ૧૩ પીઆરઓ એમએક્ષ આંગડીયા મારફત આવેલ જે ફોન પાર્સલ ખોલીને જોતા ડુપ્લીકેટ મોબાઈલ આવેલ હોય અને પોતાની સાથે રૂા.૨૧,૫૦૦ની છેતરપીડીં કરેલ હોવાની અરજી આપેલ હતી ત્યારબાદ આ બંને કિસ્સામાં જૂનાગઢ જીલ્લા સાયબર સેલ દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવેલ અને બેંક તેમજ સંલગ્ન પેમેન્ટ ગેટ-વે એજન્સીઓ સામે સતત સંકલનમાં રહી ફ્રોડસ્ટર દ્વારા ફ્રોડ કરવામાં આવેલ રકમ અન્ય જગ્યાએ ઉપયોગ ન થાય અને અરજદારને તે રકમ રિફન્ડ થાય તે માટે એજન્સીઓ સાથે સતત સંપર્કમાં રહી જરૂરી કાર્યવાહી કરી ક્રેડીટ કાર્ડ મારફત થયેલ ફ્રોડના અરજદારે ફ્રોડમાં ગુમાવેલ રૂપિયા પૈકી રૂા.૩૫,૫૦૨ તેમના બેંક ખાતામાં રિફન્ડ કરાવેલ હતા તથા ઓએલએક્ષ ઉપર ડુપ્લીકેટ ફોન આવેલ તના અરજદારને ફ્રોડમાં ગયેલ તમામ રકમ રૂા.૨૧૫૦૦ રિફન્ડ કરાવેલ હતા.

### સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ૫૯૦ સ્થળો ઉપર રંગોળી સ્પર્ધા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા. ૧૭

ગુજરાત રાજ્ય યુવક બોર્ડના ગુજરાતના કોઓર્ડિનેટર કૌશલભાઈ દવે એક અખબારી યાદીમાં જણાવે છે કે આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે રાજ્યના ૫૯૦ સ્થાનો પર ૫૧ હજારથી વધુ યુવાનો રંગોળીસ્પર્ધામાં ભાગ લઈ રહયા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે ગુજરાતભરમાં તાલુકા, નગરપાલિકા અને મહાનગરના વોર્ડમાં વિવિધ થીમ ઉપર સ્પર્ધા યોજાશે. જેમના મુખ્ય કાર્યક્રમના સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી, અંબાજી, પાવાગઢ, ઉકાઈ ડેમ, વિલસવહીલ, છોટાઉદેપુર ડુંગર વિસ્તાર, શામળાજી, શોપિંગ મોલ, કચ્છના માંડવી દરિયા કિનારે, સુરતના ડુમ્મસ દરિયા પર, અમદાવાદ રિવરફ્રન્ટ પર, રાજકોટમાં એમ્સ પર, પાલીતાણા તિરંગા હોલ, સોમનાથ મંદિર, જેવી ઘણી બધી જગ્યાનો સમાવેશ થાય છે.

જેમાં રંગોળીના મુખ્ય વિષય આઈએનએસ વિક્રાંત, વંદે ભારત ટ્રેન, રામ મંદિર, ૩૭૦ ની કલમ, સીએએ, સ્વચ્છતા અભિયાન, ઉજ્વલા યોજના, મોદી વર્લ્ડ લીડર, કોરોના વેક્સિન, સર્જીકલ સ્ટ્રાઈક, વગેરે વિષયોને આવરી લેવાયા છે.

# જૂનાગઢ મહાનગરપાલિકાનાં નિર્ણયને આવકારતું સફાઈ કામદાર કર્મચારી યુનિયન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ મહાનગરપાલિકાની સાધારણ સભામાં જૂનાગઢ મહાનગરપાલિકામાં સફાઈ/ ગટરના મજુરો કે જેઓ નોકરી દરમ્યાન કોઈ રોગનો ભોગ બનેલા હોય અને આ કામ કરવા કાયમી ધોરણે અશકત (મેડીકલ અનફીટ) છે તેવી લેખિત રજુઆત કરે અને જેઓએ ઓછામાં ઓછી કાયમી સફાઈ કામદાર/ ગટરના મજુર તરીકે ૧૫વર્ષની કાયમી સળંગ નોકરી પુર્ણ કરેલ હોય અને કાયમી અશકત હોવાનું અધિકૃત અધિકારી 'મેડીકલ અનફીટ સર્ટીફીકેટ' મેળવી તેઓની સ્વૈચ્છીક નિવૃત્તિ મંજુર થયે તેના કોઈ એક વારસદારને માસિક વખતો વખત સરકારની જોગવાઈ મુજબના ઉચ્ચક વેતનથી પાંચ વર્ષ માટે સફાઈ સહાયક તરીકે નિમણૂંક આપવી અને પાંચ વર્ષ પુરા થતા કામગીરીનું મૂલ્યાંકન કરી યોગ્યતા ધરાવતા કામદાર તરીકે નિયત પગારધોરણમાં કાયમી નિમણૂંક આપવી અને જો સફાઈ કામદાર ૫૪ વર્ષની વય પુરી કરેલ હોય અને તેઓ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા ઈચ્છે તો તેમની પાસેથી મેડીકલ અનફીટનો આગ્રહ ન રાખતા તેઓની સ્વૈચ્છીક નિવૃત્તિ મંજુર કરવી અને તેના પરિવારના એક સભ્યને નોકરી આપવાનો ઐતિહાસિક નિર્ણય કરેલ છે. આ નિર્ણયનો જૂનાગઢ સમસ્ત વાલ્મીકી સમાજ તથા જૂનાગઢ મહાનગરપાલિકા સફાઈ કર્મચારી યુનિયને હૃદયપુર્વક આવકારેલ છે.

# ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે પાયોનિયર પેટીએમની અનોખી સિધ્ધિ

### વાર્ષિક ધોરણે ૭૦ ટકા વધારો હાંસલ કરીને માસિક ૧ લાખ કરોડ મર્ચન્ટ ટ્રાન્ઝેકશન નોંધાવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૭

પેટીએમની માલિક અને ભારતની અગ્રણી ડિજીટલ પેમેન્ટસ અને ફાયનાન્સિયલ સર્વિસીસ કંપની તેમજ મોબાઈલ અને ક્યુઆર પેમેન્ટસની પાયોનિયર વન૯૭ કોમ્યુનિકેશન્સ લિમિટેડ (ઓસીએલ) જણાવે છે કે, પેટીએમએ માસિક પીઅર-ટુ-મર્ચન્ટસ (P2M) ટ્રાન્ઝેકશનમાં માસિક ૧ લાખ કરોડની સિધ્ધિ હાંસલ કરીને વાર્ષિક ધોરણે ૭૦ ટકા વધારાની ઉજવણી કરી રહી છે. આ બાબત દરેક કદમે ગ્રાહકોનો વિશ્વાસ નિર્માણ કરવાની સાથે સાથે દેશમાં કંપનીની ઉભરતા જતા ડિજીટલ પેમેન્ટ ક્ષેત્રે પાયોનિયરશીપ દર્શાવે છે.

કંપનીના મજબૂત બિઝનેસ મોડેલને કારણે મોટા ગ્રાહક અને મર્ચન્ટ સમુદાયમાં ઉંચો માર્જીન ધરાવતી ફાયનાન્સિયલ સર્વિસીસને કારણે તેની એન્ડ-ટુ-એન્ડ પેમેન્ટમાં મોખરે રહેવાની આ સિધ્ધિ હાંસલ કરવાનું શક્ય બન્યું છે. આ સાથે કંપની સપ્ટેમ્બર ૨૦૨૩માં સંચાલનમાં નફો હાંસલ કરવાનો વિશ્વાસ ધરાવતી થઈ છે. પેટીએમના પ્રવક્તા જણાવે છે કે "અમારા શેરધારકો અને ગ્રાહકો માટે લાંબાગાળે મૂલ્ય સર્જન કરીને અમે મોટી અને નફાકારક કંપની બનવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. ડિજીટલ પેમેન્ટ ક્ષેત્રે અમારી પાયોનિયરશીપ મજબૂત કરવાની સાથે સાથે અમે ભારતમાં અમારી ઈનોવેટીવ ઓફરોમાં નાણાંકિય સમાવેશિતાને આગળ ધપાવીશું." પેટીએમે ચાલુ નાણાંકિય વર્ષ મજબૂત દેખાવ સાથે શરૂ કરીને નાણાંકિય વર્ષ ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૮૯ ટકાની વૃધ્ધિ હાંસલ કરીને રૂા.૧૬૮૦ કરોડની આવક મેળવી હતી, જ્યારે એબીટા(ESOP પહેલાં) ખોટ ઘટીને રૂા.૨૭૫ કરોડ સુધી પહોંચી હતી, જે ત્રિમાસિક ધોરણે રૂા.૯૩ કરોડનો સુધારો દર્શાવે છે કંપનીનો કોન્ટ્રીબ્યુશન પ્રોફીટ વાર્ષિક ધોરણે ૧૯૭ ટકા વધીને રૂા.૭૨૬ કરોડ થયો છે, જે કોન્ટ્રીબ્યુશન માર્જીનની આવકમાં ૪૩ ટકાનો વધારો દર્શાવીને નાણાંકિય વર્ષ ૨૦૨૨ના ચોથા ત્રિમાસિક ગાળાના ૩૫ ટકાની તુલનામાં આવકમાં વધારો દર્શાવે છે. જુલાઈ અને ઓગષ્ટ, ૨૦૨૨ની તાજેતર માહિતી મુજબ કંપનીએ દેશમાં વપારીઓને ત્યાં ઓફફલાઈન પેમેન્ટ ક્ષેત્રે ૪૫ લાખ સબસ્ક્રીપ્શન આધારિત પેમેન્ટ ડિવાઈસીસ મૂકીને આગેવાની હાંસલ કરી છે. વધુમાં, ગ્રાહકો સાથે પેટીએમના જોડાણ બાબતે બે માસમાં સરેરાશ માસિક ટ્રાન્ઝેકશન યુઝર્સ (એમટીયુ) ૭૮૮ લાખની સિધ્ધિ હાંસલ કરી છે. વધુમાં, કંપનીએ પ્રસિધ્ધ ધિરાણ આપનાર સાથેની ભાગીદારીમાં વાર્ષિક રૂા.૨૯,૦૦૦ કરોડની ચૂકવણીની સિધ્ધિ હાંસલ કરીને ચૂકવણીમાં નવો વિક્રમ સર્જ્યો છે, જયારે કંપનીએ નાણાંકિય વર્ષ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક ગાળાના પ્રથમ બે માસમાં રૂા.૪,૫૧૭ કરોડના ધિરાણોની ચૂકવણી કરી છે.

# મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ તરીકે માર્ક બાઉચરની નિમણૂંક

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ, તા.૧૭

મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલ ૨૦૨૩થી તેના મુખ્ય કોચ તરીકે દક્ષિણ આફિકાના એક સમયના દિગ્ગજ ખેલાડી તથા વિક્રમજનક વિકેટ કીપર માર્ક બાઉચરની મુખ્ય કોચ તરીકે નિમણૂંક કર્યાની જાહેરાત કરી છે. માર્ક બાઉચરની વિકેટ-કીપર, બેટ્સમેન તરીકે લાંબી અને પ્રખ્યાત કારકિર્દી રહી છે અને વિકેટ-કીપર તરીકે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ બેટર્સને આઉટ કરવાનો વિક્રમ તેના નામે છે. નિવૃત્તિ પછી તેણે દક્ષિણ આફ્રિકામાં ટોચના સ્તરની ક્રિકેટ ફ્રેન્ચાઈઝી ટાઈટન્સ માટે કોચ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો અને તેમને પાંચ સ્થાનિક ખિતાબ પણ જીતાડ્યા હતા. વર્ષ ૨૦૧૯માં ક્રિકેટ સાઉથ આફ્રિકાએ માર્ક બાઉચરની મુખ્ય કોચ તરીકે નિમણૂંક કરી હતી. તેમના માર્ગદર્શનમાં ટીમે ૧૧ ટેસ્ટ જીત, ૧૨ ODI અને ૨૩ T20I જીતી હતી.

# "સૌનો" શબ્દ એ નરેન્દ્રભાઈ મોદીના પાંચ દાયકાની વિચાર-કાર્યશક્તિની એકસૂત્રતાની મંત્ર સાધના છે

## સૌના... નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ

નરેન્દ્રભાઈ મોદી એ **Visionary Leader** છે. તેમની વિચાર-કાર્યપદ્ધતિ એ વર્ષો સુધી સાતત્યપૂર્ણ હોય છે. તેઓ એક શબ્દને પસંદ કરે છે તેને સૂત્ર બનાવીને કાયમી રીતે એકશન મંત્ર બનાવી દે છે.

તેઓ લગભગ ૧૫ વર્ષ પ્રચારક, ૧૫ વર્ષ ભાજપ સંગઠનમાં, ૧૩ વર્ષ મુખ્યમંત્રી અને ૮ વર્ષ તરીકે પ્રધાનમંત્રી-પ્રધાનસેવક તરીકે કામ કરી રહ્યાં છે. જયારે તેઓ પ્રચારક અને પ્રદેશ મહામંત્રી હતાં ત્યારે સ્વયંસેવક અને કાર્યકર્તાઓને પ્રાસંગિક રીતે પત્ર લખતાં અને કાર્યકર્તાઓ પત્રનો જવાબ પણ આપતાં હતાં. તેઓ પહેલેથી જ જવાબદેહીપ્રકૃતિ ધરાવે છે. મને પણ ૧૯૮૪માં નરેન્દ્રભાઈ મોદીએ ૭ પાનાનો પત્ર લખેલો તે મારા જીવનનો પ્રેરણામંત્ર બની ગયો હતો. પત્રમાં છેલ્લે, "સૌનો" લખીને "નરેન્દ્ર મોદી" સહી કરતાં હતા. તેમનો આ "સૌનો" શબ્દની ખૂબ લાંબી સફર લગભગ ૩૫ વર્ષની સફર ખેડીને તેના અન્ય શબ્દ-ભાવ-કૃતી એકસૂત્રતા ઉમેરાતી ગઈ.

"સૌનો સાથ-સૌનો વિકાસ,
સૌનો વિશ્વાસ-સૌનો પ્રયાસ"

આ સૂત્ર મંત્ર નરેન્દ્રભાઈ મોદીની ૫૦ વર્ષની વિચાર કાર્યપદ્ધતિની એકસૂત્રતાની સાધના છે. દેશહિત-જનહિત માટેના દિશાદર્શન સાથેની એક લાંબી તપશ્ચર્યા છે.

**મારો ભાજપ, સૌનો ભાજપ:**

પ્રદેશ મહામંત્રી સમયે ભાજપના સંગઠનને સર્વવ્યાપી,સર્વસ્પર્શી બનાવવા માટે મિટીંગોમાં વિસ્તૃત વિચારો મુકતાં હતાં. કાર્યકર્તાનું ભાજપ સાથેનું **Attachment** વધુ મજબૂત બને અને તમામ સમાજ,વર્ગ,વિસ્તાર સાથે કનેકટ થાય તેવું તેમણે એક સૂત્ર આપ્યું.

"મારો ભાજપ-સારો ભાજપ, મારો ભાજપ-સૌનો ભાજપ" આ સૂત્રથી કાર્યકર્તા અને દરેક સમાજ સાથે સારી રાજનીતિનો લગાવ, જોડાણ વધ્યું. ભાજપમાં તેઓએ પ્રતિષ્ઠિત લોકો જેવાં કે, વેપારી, વકિલ, ડૉકટર્સ, અધ્યાપકો, શિક્ષકો, યુવાનો, મહિલાઓ, ખેડૂતો, શ્રમિક વર્ગસહિત તમામ વર્ગ અને સમાજને જોડવાનો સફળપ્રયાસ કર્યો હતો. સમાજ શ્રેષ્ઠીઓ, સેવાભાવી વ્યક્તિઓ, શિક્ષિત વર્ગ માંથી નવી ભરતી કરીને ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવ્યું હતું. શહેરી અને ગ્રામ્ય સ્તર સુધી ભાજપ સંગઠનને વિસ્તૃત કરીને "મારો ભાજપ-સૌનો ભાજપ"ના સૂત્રને સાર્થક કર્યું.

**સૌનો સાથ-સૌનો વિકાસ:**

ગુજરાતમાં ૨૦૦૦ની સાલમાં વિસ્તારમાં અતિવૃષ્ટિના કારણે પૂરની પરિસ્થિતિમાં અમદાવાદ સહિત કેટલાંક શહેરો-ગામો અસરગ્રસ્ત થયાં હતાં. તેવા છાપામાં સમાચારો આવતાં અને ગુજરાત "ડૂબી ગયું, ડૂબી ગયું" તેવું રાજય બહાર પણ વાતાવરણ બનતું હતું. ૨૦૦૧માં આવેલ ભૂકંપને કારણે ગુજરાતના કેટલાંક વિસ્તાર અને ખાસ કરીને કચ્છમાં અનેક બિલ્ડીંગો, ઘર, દૂકાનો પડી ગયાં હતાં. ત્યારે ગુજરાત "ભાંગી ગયું, ભાંગી ગયું" તેવું દેશ-દુનિયામાં સમાચારો છવાઈ ગયાં હતાં. ૨૦૦૧માં નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યાં અને થોડાક મહિનામાં ૨૦૦૨માં સાબરમતી ટ્રેનમાં ગોધરા કાંડ થયો ત્યારે ગુજરાત વિરોધીઓએ "ગુજરાત સળગી ગયું, સળગી ગયું" તેવો અતિ અપપ્રચાર કર્યો. તે સમય નરેન્દ્રભાઈ મોદી સહેજ પણ વિચલિત થયાં વગર ગુજરાતના સર્વાંગી વિકાસ, માન-સન્માન ગૌરવ માટે એક લોકસેવક અને લોકનાયકની જેમ ઝઝૂમ્યાં. આ સમયે "સૌનો સાથ, સૌનો વિકાસ" સૂત્ર સાથે અનેક ગરીબલક્ષી, રોજગારલક્ષી, વિકાસલક્ષી યોજનાઓ, કાર્યક્રમો, પ્રોજેકટોની હારમાળા સર્જીહતી. ગુજરાતને બેઠું જ નહીં પરંતુ ગુજરાતને વિકાસના પથ ઉપર દોડતું કરી દીધું અને દેશમાં ગુજરાત મૂડીરોકાણ, રોજગાર, કૃષિ અને શિક્ષણક્ષેત્રમાં અગ્રેસર રહ્યું.



**સૌનો સાથ (સૌને ન્યાય-સૌનું સન્માન):**

સૌનો સાથ કયારે મળે ? જયારે સૌને ન્યાય મળે અને સૌનું માન-સન્માન સચવાય અને સૌનો વિકાસ થાય તે માટે સમાજનાં ઉત્કર્ષ, એકતા માટેના નિર્ણયો લેવાં માટેનો તેમણે પ્રામાણિક પ્રયાસ કર્યો.

ગુજરાત વિધાનસભા ગૃહમાં એક પ્રકિયાહોયછે કે **SC & ST** રાજકીય અનામતને દર ૧૦ વર્ષે રીન્યુ કરવામાં આવતી હોય છે. તે સમયે **SC & ST** અનામતના ગૌરવ સાથે યથાવત રાખવામાં આવી હતી. પ્રધાનમંત્રી સમયે **OBC** ને કાયદાકીય સ્વરૂપ આપીને સંસદમાં બીલ પસાર કરીને સૌ પ્રથમવાર માન્યતા સાથે સામાજીક ન્યાય આપવાનું કામ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે કર્યું અને અન્ય સમાજની લાગણીને ધ્યાનમાં રાખીને આર્થિક રીતે નબળા સમાજ છે તેને પણ ૧૦ ટકા **EBC** અનામત આપવાનો શુભારંભ ગુજરાતથી કરવામાં આવ્યો. આ બધાં જ નિર્ણયો "સૌને ન્યાય" આપવામાં મક્કમ અને ઐતિહાસિક નિર્ણયો હતાં.

**સૌને સન્માન:**

મને યાદ છે કે ૨૦૦૧માં સંસ્કારધામમાં સંઘના સિનીયર પ્રચારકો અને સેવાવ્રતીઓના સન્માન માટે નરેન્દ્રભાઈ મોદીએ "તપોવંદના" કાર્યક્રમ કર્યો હતો. મુખ્યમંત્રી બન્યાં પછી ગુજરાત કોલેજમાં યોજાયેલ "ગુરૂવંદના" કાર્યક્રમમાં તેમણે પોતાને ભણાવેલાં તમામ શિક્ષકોને વંદન કરીને સન્માનિત કર્યાં હતાં. ૨૦૧૦માં ગુજરાતનાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં હતાં ત્યારે દરેક રાજકીય પાર્ટીના ૫૦ વર્ષમાં જે પણ ધારાસભ્ય, સંસદસભ્ય ચૂંટાયા હતા. તે તમામને બોલાવીને વિધાનસભા ગૃહનું એક વિશેષ સત્ર બોલાવીને માન-સન્માન કર્યું. ફોટોસેશન અને તેમણે તમામનું પરીચય પુસ્તક આપવામાં આવ્યું હતું. સ્વર્ણિમ યાત્રા દ્વારા દરેક ગામમાં સિનીયર સીટીઝન, વયવંદના, સૌથી ભણેલી દિકરી કે વહુ, પ્રગતિશીલ ખેડૂત, દાતાઓનું સન્માન કર્યુંહતું. અનેકવાર સરપંચોને ગાંધીનગર બોલાવીને માન-સન્માન કરવામાં આવ્યું હતું.

નરેન્દ્રભાઈ મોદીએ દેશના મહાપુરૂષોને સન્માન આપવાની પરંપરા શરૂ કરી. આઝાદીના ૫૫ વર્ષ પછી ક્રાંતિવીર શ્યામજીકૃષ્ણ વર્માના અસ્થિને જીનીવાના મ્યુઝીયમ માંથી લાવીને "વિરાંજલી યાત્રા" કચ્છના માંડવી સુધી કાઢવામાં આવી હતી અને માંડવી ખાતે "ઈન્ડીયા હાઉસ" સન્માન સ્મારક બનાવવામાં આવ્યું. ગાંધીજી-મહાત્મા મંદિર, દાંડી કૂટીર હોય કે સરદાર પટેલના માન-સન્માન ગૌરવ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ડો.બાબાસાહેબ આંબેડકરજીની સાથે જોડાયેલ પંચતીર્થનું નિર્માણ તેમજ દરેક શહીદોના સન્માન માટે દિલ્હીમાં ભવ્ય શહીદ સ્મારક બનાવ્યું. હમણાં જ નવા સંસદભવનમાં આંગણાંમાં સ્વાતંત્ર્યસેનાની સુભાષચંદ્ર બોઝની પ્રતિમા મૂકવામાં આવી. નરેન્દ્રભાઈ જે રાજયોમાં જાયછે તે રાજયોના સંતો, સ્વાતંત્ર્યસેનાનીઓ, મહાપુરૂષોને વગેરેના હંમેશા યાદ કરે છે.

**સૌનો વિકાસ-સૌનો વિશ્વાસ:**

નરેન્દ્રભાઈ મોદીના જીવનનું એક રહસ્ય એ છે કે તેઓ કયારેય પોતાના ખિસ્સામાં પૈસાનું પાકીટ રાખતાં ન હતાં. મેં કયારેય તેમના ખિસ્સામાં પાકિટ રાખતાં જોયાં નથી. પૈસા પ્રત્યે સંપૂર્ણ નિર્લેપ રહ્યાં છે. ખિસ્સું ખાલી પરંતુ હ્રદય (દિલ) સંવેદનાથી ભરેલુ રહ્યું છે. તત્કાલિન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીનું કબૂલાતનામું હતું કે "હું દિલ્હીથી ૧ રૂા. મોકલું છું અને છેક નીચે સુધી પહોંચતા માત્ર ૧૫ પૈસા પહોંચે છે", એટલે કે, ૧ રૂપિયામાંથી ૮૫ પૈસાનો ભ્રષ્ટાચાર રોકવા માટેનું કોઈ એકશન કે સોલ્યુશન ન હતું.

મોદીને પહેલેથી જ **System Change** કરવાનું ઝનુન હતું. **DBT** માધ્યમથી ૫૩ મંત્રાલયોની ૩૧૯ યોજનાઓ દ્વારા અત્યાર સુધીમાં ૨૫ લાખ કરોડ ટ્રાન્જેકશન દ્વારા દેશના કરોડો લાભાર્થીઓના બેંક ખાતામાં સીધે સીધા યોજનાઓના પૈસા પહોંચાડ્યા છે. **DBT** માધ્યમથી ૨.૨૨ લાખ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર અટકાવ્યો છે. કિસાન સન્માન નિધીમાં ૧૧ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં દર વર્ષે રૂા.૬૦૦૦ આવે છે. દેશના લગભગ ૫૦ કરોડ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવાર માટે આયુષ્યમાન કાર્ડ મળી રહ્યાં છે. કોવિડમાં ૮૦ કરોડ લોકોને ૨ વર્ષ સુધી મફત અનાજ આપવા આપવામાં આવ્યું. ૧૦૮ એમ્બ્યુલન્સ આજે કોઈપણ જ્ઞાતિ, સમાજનો વ્યક્તિ ફોન કરીને બોલાવી શકે છે. મહિલા, યુવા, ખેડૂત, ગરીબ અને દિવ્યાંગ સહિત અનેક યોજનાઓ અને જન્મથી માંડીને મૃત્યુ સુધીની યોજનાઓ દ્વારા ભાજપની સરકાર લોકોની પડખે ઉભી છે. આ સરકાર સૌની છે. એટલે જ, જનતાનો શ્રી મોદીમાં રહેલો વિશ્વાસ ઉત્તરોત્તર વધતો જાય છે.

**સૌનો પ્રયાસ:**

લાલબહાદૂર શાસ્ત્રી પછી નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી જે તે કાર્ય કે કાર્યક્રમમાં દેશની જનતા જોડાય છે. સ્વચ્છતા અભિયાનમાં લોકોના સહકારથી ૧૧ કરોડથી વધુ શૌચાલય બનાવીને દેશની જનતાના પ્રયાસથી ૬ લાખ ગામો ખુલ્લામાં શૌચમુક્ત થયા. કોરોના વોરીયર્સને બિરદાવામાં લોકોએ રાત્રે લાઈટ બંધ કરીને દિપ પ્રગટાવી, થાળી-શંખ વગાડીને જોડાયાં હતાં. તાજેતરમાં તા.૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ દરેકને નાગરીક પોતાના ઘર-દૂકાન ઓફિસ વગેરે ઉપર રાષ્ટ્રધ્વજ ગૌરવભેર ફરકાવ્યો હતો. નરેન્દ્રભાઈ મોદીના આ પ્રકારના સામાજીક-રાષ્ટ્રીય મુદ્દાઓ ઉપરના આહવાનથી દેશની જનતા જનાર્દનનો સાથ-સહકાર મળી રહ્યો છે.

નરેન્દ્રભાઈ મોદી દરેકને પોતાના માને છે, તેવી રીતે જ જનતા જનાર્દન પણ નરેન્દ્રભાઈને પોતાના જ માને છે. નરેન્દ્રભાઈ મોદીનો "સૌનો" શબ્દ એ ભાજપ સંગઠનમાં 'સર્વવ્યાપી' સૂત્ર બન્યો પછી સરકારની કાર્યપ્રણાલીનું 'પ્રતિક' અને હવે, પ્રજામાનસમાં "એકતામંત્ર" બની ગયો છે. સૌનો સાથ-સૌનો વિકાસ, સૌનો વિકાસ-સૌનો વિશ્વાસ, આ સૂત્ર પછી જનતાના મન-હ્રદય સુધી "સૌનું ભારત, સૌના નરેન્દ્ર મોદી", આ સૂત્રની પણ અનૂભુતિ પહોંચી છે.

સૌના...નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હ્રદયપૂર્વકની શુભેચ્છાઓ...



લેખક: ભરત પંડયા
(પૂર્વ પ્રદેશપ્રવકતા, ભાજપ અને પૂર્વ ધારાસભ્ય)



आज़ादी का अमृत महोत्सव

# સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ

## વિશ્વાસથી વિકાસ યાત્રા

### મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં

**» સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઇનોવેશન ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન**

- SSIP 2.0ના સમયગાળા માટે જોગવાઇ કરવામાં આવેલ ₹ 500 કરોડ હેઠળ પ્રથમ તબક્કામાં ₹ 17 કરોડની સહાય
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ આ વર્ષે 61 હજારથી વધુ વિદ્યાર્થીઓને ₹ 292 કરોડથી વધુ સહાય. જે ક્રમમાં વધુ ₹ 10 કરોડની સહાય અપાશે.
- શોધ યોજના હેઠળ રિસર્ચને પ્રોત્સાહન માટે 1,373 સ્કોલર્સને અંદાજીત ₹ 7.50 કરોડની સહાય
- સ્ટુડન્ટ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ ઈન્ડેક્સનું અનાવરણ
- રાજ્યભરમાં 17 સપ્ટેમ્બર થી 15 ઓક્ટોબર સુધી યોજાશે 175 વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમો

**» ક્લાઇમેટ ચેન્જ પર યુથ આઉટરીચ અને ઇન્ટરેક્શન માટે 17 સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર સુધી યોજાનાર પંચામૃત યુવા જાગૃતિ પખવાડિયાના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન**

**» રાષ્ટ્રીય આજીવિકા મિશન હેઠળ 22,000 મહિલા મંડળોની 2,20,000 બહેનોને અપાશે ₹ 300 કરોડની ક્રેડિટ**

- દરેક જિલ્લા અને મહાનગર કક્ષાએ થશે આયોજન

**» જલ સે જય તક**

ધરોઇથી અંબાજી સુધીની સાઇકલ યાત્રા
તથા બાઇક યાત્રાનું ખાસ આયોજન

છેલ્લા બે દાયકામાં
**વિશ્વાસ અને વિકાસ** એક બીજાના
**પર્યાય બન્યા છે**

